Registered Under RNI No. GUJGUJ/2010/30943
Under Postal Regd. No. GAMC - 1745/2023-2025 Issued By SSP, Ahmedabad Valid Upto 31/12/2025
Published At 1st Of Every Month Permitted To The Post Of A'bad PSO On 3rd Of Every Month
License To Post Without Prepayment No.: PMG/NG/129/2024-2025 Valid Upto 31.12.2025

# યુવા સાથી


(Yuva Saathi Gujarati Monthly)



## ઇસ્લામી મૂલ્યોના પ્રકાશમાં

# જનભાગીદારીની જ્વલંત યાત્રા

VOL. NO. 16, ISSUE NO. 07 ₹25 JULY 2025




એક અવાજ – એક ઉમંગ – એક ચળવળ
જેમના માથે ભારતના ભવિષ્યના ઘડતરની જવાબદારી છે
એવા નિષ્ઠાવાન યુવા મિત્રો તરફથી પ્રકાશિત થતું
એકમાત્ર ગુજરાતી સામયિક યુવાસાથી

સત્ય અને ન્યાયનો વાહક
તટસ્થ અને નીડર વિશ્લેષણ
પ્રગતિ અને સમૃદ્ધિનો વાહક
શાંતિમય સમાજના નિર્માણ માટે
બાળકોના નૈતિક ઘડતર માટે
યુવાનોને સાચી દિશા ચીંધનાર
યુવાનોના દિલની ધડકન

તમારા આ નિષ્ઠાવાન પ્રયત્નોના લીધે આ હૃદયપૂર્વકનો અવાજ દેશના ખૂણે-ખૂણે ગૂંજી ઊઠશે. ઈન્શાઅલ્લાહ.

**વાર્ષિક લવાજમ : રૂ.૩૦૦/-**
**ત્રિવાર્ષિક લવાજમ : રૂ. ૭૫૦/-**

**મેનેજર, યુવાસાથી ગુજરાતી માસિક : બી-૪, કરિશ્મા કોમ્પ્લેક્ષ, સારણી સોસાયટી, ૧૩૨ ફુટ રિંગ રોડ, જુહાપુરા, અહમદાબાદ -૩૮૦૦૫૫ | M. 9510008614**

**YUVASAATHI (GUJARATI MONTHLY)**
BANK A/C. NO.: **163110100029661 - (Only NEFT)**
BANK: **BOMBAY MERCANTILE CO-OP BANK LTD**
IFSC CODE: **BMCB0000039**
AFFILIATED : **AXIS BANK LTD**

scan & pay
UPI ID: 9510008614@okbizaxis
BHIM UPI
G Pay Paytm PhonePe

**આપની જાહેરાત તેમજ સ્પે. ડોનેશન આપી "યુવાસાથી"ને સદ્ધર બનાવી સમાજના નવનિર્માણમાં આપનો સાથ-સહકાર આપો.**

માસિક
# યુવા સાથી
સત્યનો સારથિ

વર્ષ : ૧૬, અંક : ૦૭ | જુલાઈ ૨૦૨૫ | પેજ : ૩૬

www.yuvasaathi.com

instagram.com/yuvasaathiguj - facebook.com/yuvasaathiguj - twitter.com/yuvasaathiguj

**સંપાદક મંડળ**

• **એડિટર** •
જાવેદઆલમ કુરૈશી

• **મેનેજીંગ એડિટર** •
રાશિદ હુસૈન

• **સભ્યો** •
જાબિર માનીગર
ઈબ્રાહીમ શેઠ
ડો. સાકિબ મલિક
રાશિદ કુરૈશી
ઈમરાન રાજપૂત
નદીમ રાજપૂત
ડો. તસનીમ વ્હોરા
મલિહા ફાતિમા

95 1000 8614
yuvasaathi.monthly@gmail.com

**વાર્ષિક લવાજમ** : રૂ.૩૦૦/-
**ત્રિવાર્ષિક લવાજમ** : રૂ. ૭૫૦/-


Printed and published by **Rashid Hussain Akhtar Husain Shaikh** on behalf of **STUDENTS ISLAMI ORGANISATION OF INDIA, GUJARAT ZONE** and Printed at **Unique Offset**, N.R. Estate, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and published from **B/4, Karishma Complex, Near Sarni Society, 132 Feet Ring Road, Juhapura, Ahmedabad - 380055 I Editor : Rashid Husain Akhtar Husain Shaikh**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૦૪ | **કુર્આન બોધ** | રસાઈલ મિનલ કુર્આન |
| ૦૫ | **તંત્રી લેખ** | ઈરાન સુપરપાવર પુરવાર થયો |
| ૦૭ | **પૈગામ** | ત્રણ તલાક એટલે સંબંધ સાચવવા માટેની ત્રણ તકો |
| ૧૦ | **મનોમંથન** | ઈસ્લામી મૂલ્યોના પ્રકાશમાં જનભાગીદારીની જ્વલંત યાત્રા |
| ૧૫ | **શિક્ષણ જગત** | પરંપરા અને આધુનિકતા વચ્ચે એક સશક્ત સંતુલનના પક્ષકાર |
| ૧૮ | **સ્ટેથોસ્કોપ** | ગોદી મીડિયા : તેની કમાણી અને પ્રભાવ પર એક નજર |
| ૨૧ | **સુર્ખિયોં સે આગે** | ઉમર ખાલિદનો તિહાર જેલમાંથી પત્ર |
| ૨૫ | **પ્રશિક્ષણ** | સમય ઝડપથી બદલાઈ રહ્યો છે |
| ૨૭ | **વ્યક્તિત્વ વિકાસ** | સફળતાના માર્ગમાં અવરોધરૂપ અડચણો |
| ૩૦ | **મંથન** | ન્યાયના સાક્ષી બનો! |
| ૩૨ | **સૌંદર્ય બોધ** | આ બદગુમાની પણ વિચિત્ર વસ્તુ છે !! |
| ૩૪ | **બાળજગત** | તું અને તારું બધું જ તારા પિતાનું છે |


★ લેખકના વિચારોથી સંગઠન અથવા સંપાદકમંડળનું સહમત હોવું જરૂરી નથી.

અદહમ શર્કાવી




બીજાઓની પ્રશંસાથી તમને કોઈ ફાયદો નથી થવાનો, જો કે એ તમારી પ્રશંસામાં એ વાતો કરી નાખે જે તમારામાં મૌજૂદ નથી.

એવી જ રીતે બીજાઓ દ્વારા પ્રહાર કરવાથી તમને કંઈ પણ નુકસાન પહોંચવાનું નથી, જો કે એ તમારી વિરુદ્ધ એ વાતો બનાવી નાખે જે તમારામાં મૌજૂદ નથી!

મનુષ્ય ગમે તેટલો પણ સારો બની જાય, દરેક સ્થિતિમાં કેટલાક લોકો તેને ના-પસંદ કરનારા મૌજૂદ હોય છે, તે એટલે સુધી કે અંબિયાએ કિરામ અ.સ.ને પણ તમામ લોકોએ પસંદ નથી કર્યા!

એવી જ રીતે મનુષ્ય ગમે તેટલી બૂરાઇ તથા દુરાચારમાં સપડઇ જાય, દરેક સ્થિતિમાં કેટલાક લોકો તેના ચાહનારા મૌજૂદ હોય છે, તે એટલે સુધી કે ફિર્ઔન અને નમરૂદને પણ ચાહનારા મૌજૂદ હતા!

મુત્‌રિફ બિન અબ્દુલ્લાહ ફરમાવે છે કે મને ઈમામ માલિક રહ.એ પૂછ્યુંઃ

લોકો મારા વિષે શું કહે છે?

મેં ઉત્તર આપ્યોઃ મિત્રો પ્રશંસા કરે છે અને શત્રુઓ બૂરાઈ કરે છે!

આ સાંભળીને ઈમામ માલિક રહ.એ ફરમાવ્યુંઃ

હજી સુધી લોકો આવું જ કરે છે, ખૈર, અમે પનાહ માગીએ છીએ અલ્લાહની કે આ તમામ જીભો એક જેવી થઈ જાય!

તેમણે આ વાતથી પણ પનાહ માગી કે તમામ લોકો પ્રશંસા કરવા લાગી જાય, અને તેનાથી તેઓ ધોખો ખાઈ જાય, અને આ વાતથી પણ પનાહ માગી કે તમામ લોકો બૂરાઈઓ કરવા લાગી જાય, અને પછી લોકો જે વાતો બનાવે તેમનામાંથી કેટલીક વાતો પોતાની અસર બતાવી દે!

*(સૌજન્ય પુસ્તક : રસાઈલ મિનલ કુર્આન)*

**તંત્રી લેખ..**



**મુહમ્મદ કલીમ અન્સારી**
**(મહેમાન તંત્રી)**

અમેરિકાએ આખરે ઇઝરાયલ ઈરાન યુદ્ધમાં ઝંપલાવી દીધું. બે સપ્તાહના વિચાર પછી યુદ્ધના નિવેદનના બીજા જ દિવસે તેણે ઈરાન પર જીવલેણ હુમલા કર્યા. હકીકતમાં અમેરિકાનો હુમલો એ તેની મજબૂરી હતી. ઇઝરાયલે ૧૩મી જૂનના રોજ ઈરાન પર હુમલો કરીને ખૂબ મોટી ભૂલ કરી હતી તે તેને સમજાઈ ગયું. ઈઝરાયલે પાપા ટ્રમ્પ પાસે અપેક્ષિત મદદનો પોકાર લગાવ્યો અને છેવટે તેણે હુમલો કર્યો. ઇઝરાયલની ગણતરી સાવ ઊંધી પડી ગઈ. દેશની મુખ્ય સેનાઓના કમાન્ડર ઇન ચીફની અને ૬ પ્રમાણુ વૈજ્ઞાનિકોની હત્યા પછી ઈરાન ટુટી જશે અને આઘાતમાં સરી પડશે તેવા અનુમાનો ઇઝરાયલને ભારે પડ્યા. ઇઝરાયલમાં ઈરાની હુમલાઓમાં આઇરન ડોમનું અતિ સુરક્ષિત હોવું મિથ્યા સાબિત થયું, ૧૦૦ બેડની સૈનિકોની સારવાર કરતી હોસ્પિટલ કાટમાળમાં ફેરવાઈ ગઈ, સ્ટોક એક્સચેન્જની તબાહી થઈ અને મોસાદની મુખ્ય ઓફિસનું કચ્ચરઘાણ નીકળી ગયું.

કોઈ પણ દેશની જનતા પોતાના દેશની યુદ્ધે ચડવાની યોજનાને કેટલું સમર્થન આપે છે તે જોવું આવશ્યક છે આ ૧૨ દિવસની અંદર બંને દેશોની જનતાના પ્રતિભાવ પર નજર નાખીએ તો ખ્યાલ આવશે કે ઈરાનની જનતા રસ્તા પર છે



# ઈરાન સુપરપાવર પુરવાર થયો

ઈરાની સેનાની વેબસાઈટ દ્વારા ફાઈલ ફોટો

અને **"હૈદર હૈદર, ખૈબર ખૈબર"**ના નારાઓ સાથે પોતાની સરકારને ઇઝરાયલ પર હુમલાઓ કરવા સમર્થન પૂરું પાડી રહી છે. વિદેશમાં વસતા કોઈ પણ ઈરાની નાગરિકે યુદ્ધ વિરામની વાત નથી કરી. અલી ખામનાઈના મીડિયા નિવેદનો ગંભીર, ખૂબ જ પ્રભાવશાળી પ્રતિકારાત્મક અને કોઈ પણ સંજોગોનો સામનો કરી લેવા તત્પરતા દર્શાવે છે. બીજી તરફ ૮ ઓક્ટોબર ૨૦૨૩થી માનસિક રોગીની જેમ યુદ્ધ ઇઝરાયલની પોકળ અને ડરપોક જનતા રડી રહી છે. સરકારની આલોચના કરી રહી છે અને પોતાના ઈશ્વરથી યુદ્ધની પરિસ્થિતિને શાંતિની પરિસ્થિતિમાં તબદીલ કરવા પ્રાર્થના કરી રહી છે. આ સંજોગોમાં ઈરાનના આત્મવિશ્વાસમાં અસામાન્ય વધારો થઈ રહ્યો છે જ્યારે ઇઝરાયલનો આત્મવિશ્વાસ ડગમગી રહ્યો છે.

ઇઝરાયલમાં ઓક્ટોબર ૨૦૨૩થી જૂન ૨૦૨૪ સુધીમાં ૪૦,૬૦૦ ઇઝરાયલી યહૂદીઓ દેશ છોડી બીજા દેશોમાં કાયમી વસવાટ અર્થે જતા રહ્યા છે. દેશમાં વધતી જતી અરાજકતા અને કાયમ યુદ્ધના ઓથાર હેઠળ જીવવું તેમને યોગ્ય લાગી રહ્યું નથી. જ્યારે ઈરાનથી તેની જનતાના કોઈ બીજા દેશમાં જતા રહેવાના કોઈ અહેવાલ નથી.

આર્થિક રીતે જોઈએ તો ઇઝરાયલે ૨૦૨૩ થી મે ૨૦૨૫ સુધીમાં ૫૫.૬ બિલિયન ડોલરનો ખર્ચ કર્યો છે જે તેના કુલ અર્થતંત્રના ૧૦% જેટલો થાય છે. આવનારા દાયકામાં યુદ્ધના કારણે તે ૪૦૦ બિલિયન ડોલરના આર્થિક વ્યવહારો ગુમાવી  દેશે તેવો અંદાજ છે. ૨૦૨૩ના છેલ્લા ત્રિમાસિક રિપોર્ટ અનુસાર તેનું અર્થતંત્ર ૨૦% ગબડી ગયું છે અને આર્થિક વૃદ્ધિદર ૬.૫% થી ગગડીને બે ટકા થઈ ગયું છે. યુદ્ધના કારણે નાગરિકોના વપરાશ ખર્ચમાં ૨૭%નો ઘટાડો  નોંધાયો છે. જ્યારે આયાતમાં ૪૨% નો ઘટાડો અને નિકાસમાં ૧૮% નો ઘટાડો નોંધાયો છે. આમ યુદ્ધે ચઢીને ઇઝરાયલે પોતાની આર્થિક અને સામાજિક પરિસ્થિતિનો કચરઘાણ વાળી દીધો છે.

ઈરાનની વાત કરીએ તો તેને હંમેશાં એક હાથનો તફાવત પોતાના પ્રોક્ષી સાથે પણ જાળવી રાખ્યો છે લેબનોનમાં હિઝબુલ્લાહ, પેલેસ્ટાઇનમાં હમાસ, યમનમાં હૌથી આ ત્રણેય પાંખોને ઈરાને તૈયાર કર્યા પરંતુ ઇઝરાયલ દ્વારા ત્રણેય પર હુમલાઓ થયા છતાં ઈરાને સીધી રીતે ક્યારેય યુદ્ધમાં ઝંપલાવ્યું નથી. જ્યારે ખુદ તેની ઉપર હુમલો થયો ત્યારે જ તેણે ઇઝરાયલને જડબાતોડ જવાબ આપ્યો. આ સ્ટ્રેટેજીને કેટલાક વિશ્લેષકો ઈરાનને તક ચૂકી જવાનો આરોપ લગાવે છે. પરંતુ યુદ્ધ કરવું અને યુદ્ધના માહોલમાં રહીને પોતાની જનતાને સંભાળવી કોઈ નાની-સૂની વાત નથી.

છેલ્લે, ઈરાને પોતાની સૂઝબૂઝ, યુદ્ધની વ્યૂહરચના, વિદેશી કૂટનીતિ અને ધીરગંભીર નિવેદનો વડે મધ્ય પૂર્વમાં પોતાની ભૂમિકા અને અસ્તિત્વને મજબૂત કર્યું છે. ઇઝરાયલને ઘૂંટણિયે લાવી યુદ્ધ વિરામ માટે આજીજી કરવાની પરિસ્થિતિ લાવી ઈરાને ઇઝરાયલ પર ચૌતરફ ફિટકાર વર્ષાવી છે. બીજી તરફ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પનું અમેરિકાની અંદર જ વિરોધ પ્રદર્શન થઈ રહ્યું છે અને તેનું સંપૂર્ણ સંવેદનહીન અને બેદરકારીભર્યું વ્યક્તિત્વ સામે આવ્યું છે.

મધ્ય પૂર્વમાં શાંતિ સ્થપાય તેવું અમેરિકા ઇચ્છતું નથી અને મધ્ય પૂર્વના તમામ દેશો અમેરિકાની વ્યૂહરચના જલ્દી સમજી જાય તે જરૂરી છે. ●●● (લખ્યા તા. ૨૪-૦૬-૨૦૨૫)

# ત્રણ તલાક એટલે સંબંધ સાચવવા માટેની ત્રણ તકો



સમાજનું મૂળભૂત એકમ પરિવાર છે. પરિવાર બે પાત્રો પુરુષ અને મહિલાના કાયદાકીય રીતે એકત્રિત થવાથી નિર્માણ પામે છે. આ કાયદાકીય પ્રક્રિયાને આપણે નિકાહ, લગ્ન કે શાદીના નામથી ઓળખીએ છીએ. આ પરંપરા દરેક સમુદાયમાં જોવા મળે છે. આ દાંપત્ય જીવનમાં જોડાવાનો આશય પોતાની પ્રાકૃતિક જરૂરીયાતોની પૂર્તિ અને વંશવૃધ્ધિ હોય છે. આ એક પ્રકારનો જીવન પર્યંત સાથે રહેવાનો સામાજિક કરાર છે. સામાન્ય સંજોગોમાં તેને સમાપ્ત કરી શકાય નહીં. પરંતુ માનવ જીવન ખૂબ જ જટિલ છે. સ્ત્રી-પુરુષના પોતાના સ્વભાવ, આદતો, વિચારો, પરિસ્થિતિઓ હોય છે. તેઓ સમાયોજન અને ગોઠવણ સાથે જીવન નિર્વાહ કરે છે. પરંતુ કેટલીક વખત વિપરીત અને અગમ્ય પરિસ્થિતિ આવી પડે છે. તેઓ એક બીજાથી સ્વતંત્ર થવાનું વિચારે છે.

હવે, પ્રશ્ન ઊભો થાય છે કે જ્યારે ઘર-કંકાસ, ઘર્ષણ, લડાઈ-ઝઘડા ખૂબ વધી જાય તો માણસે શું કરવું જોઈએ!!! શું તેમને દુનિયાને દેખાડવા ખાતર આ સંબંધને ખેંચતા રહેવું જોઈએ કે પછી સારી રીતે છૂટા થઈ નવા જીવનની શરૂઆત કરવી જોઈએ!! જ્યારે દંપત્તિનું એક સાથ રહેવું અશક્ય થઈ જાય ત્યારે તેઓ શું કરે !!! ત્રણ વિકલ્પ તેમની પાસે હોય છે. પહેલું, શું તેઓ પરિસ્થિતિથી પ્રભાવિત થઈ આત્મહત્યા કરી લે? બીજું, કોઈ એક વ્યક્તિ બીજાની હત્યા કરી અથવા કરાવી નાખે? ત્રીજું, બંને રાજી ખુશી છૂટા થઈ જાય?!! દરેક બુદ્ધિમાન અને વિવેકશીલ વ્યક્તિ આ જ કહેશે કે આવી પરિસ્થિતિમાં ત્રીજો વિકલ્પ જ શ્રેષ્ઠ ઉકેલ છે. પરંતુ આ રસ્તો આપણને બીજા ઘણા ધર્મોમાં કે સમુદાયોમાં જોવા મળતો નથી. ત્યાં વૈવાહિક જીવન જન્મ જન્મનો સાથ છે, એટલે ગમે તેવી પરિસ્થિતિ હોય તમારે સંબંધ ખેચવો જ પડશે. તેનું એક મુખ્ય કારણ આ પણ છે કે આ સમાજમાં ત્યક્તા કે વિધવા મહિલાનો પુનર્વિવાહ અશક્ય છે. જ્યારે મનમેળ ન થાય તો પતિ-પત્નિ સાથે હોવા છતાં સાથે નથી હોતા. વ્યવહારિક વિયોગની પરિસ્થિતિમાં વ્યક્તિ લગનેતર સંબંધ સ્થાપે છે અથવા વેશ્યાવૃત્તિના રવાડે ચડે છે, અહીં સુધી કે હત્યા કે આત્મહત્યા જેવા કૃત્યો પણ કરી ગુજરે છે. આવી ઘટનાઓ અવારનવાર સમાચાર પત્રોમાં પ્રકાશિત થતી રહે છે. આવા લોકો નિરંતર દુખી હોય છે,પરિવાર કમજોર બને છે અને સમાજના તાણાવાણા વિખરાઈ જાય છે. તેથી જ આજની સભ્ય દુનિયાએ છૂટાછેડાને એક વિકલ્પ તરીકે સ્વીકાર્યો છે. પ્રાચીન સમયમાં જ્યારે મહિલાનું કાર્યક્ષેત્ર માત્ર ઘરની ચાર ભીતો હતી ત્યારે મહિલા ઘણું બધુ વેઠીને પણ સંબંધ નિભાવવા મજબૂર હતી. હવે જ્યારે આજના યુગમાં મહિલાઓ સશક્ત, સ્વતંત્ર અને પગભર બની રહી છે ત્યારે કોઈ દબાણમાં રહેવા તૈયાર નથી. આવી પરિસ્થિતિમાં દાંપત્ય જીવનનો, જ્યારે સાથે રહેવાનો કોઈ જ

અવકાશ ન બચે, તો તેનો અંત લાવવાનો કોઈ માર્ગ હોવો જરૂરી છે.

ઈસ્લામ પરિવારની દઢતા અને સ્થિરતા ઉપર ભાર મૂકે છે. પતિ અને પત્નીને પ્રેમ અને સ્નેહપૂર્વક જીવન જીવવાનો આદેશ આપે છે. બંનેને એક બીજા માટે સુખ અને આધ્યાત્મિક ઉન્નતિનું માધ્યમ સમજે છે. બંનેને એક બીજાની ખામીઓને નજરઅંદાજ કરવા, ધૈર્ય અને ક્ષમાશીલતાની ભાવના સાથે જીવવા પ્રોત્સાહિત કરે છે. નાની નાની બાબતોને અવગણવાથી પતિ-પત્નીના જીવનમાં શાંતિ આવે છે. અલ્લાહ ફરમાવે છે, **"...તેમના સાથે ભલી રીતે જીવન વિતાવો. જો તેઓ તમને પસંદ ન હોય તો બની શકે છે કે એક વસ્તુ તમને પસંદ ન હોય પરંતુ અલ્લાહે તેમાં જ ઘણીબધી ભલાઈઓ મૂકી દીધી હોય."** (સુરઃ નિસા ૧૯)

જો પતિ-પત્ની વચ્ચે કોઈ વિવાદ (ઝઘડો અથવા મતભેદ) થઈ જાય, તો ઈસ્લામમાં તેના નિરાકરણ માટે કુર્આન અને સુન્નતમાં ખૂબ જ સ્પષ્ટ અને શાણપણભર્યું માર્ગદર્શન છે. કોઈ વિષમ પરિસ્થિતિ ઊભી થાય તો સૌપ્રથમ, વ્યક્તિગત પ્રયાસ કરવા જોઈએ. પ્રેમ, સૌમ્યતા અને સમજણથી જાતે સમસ્યાનું નિરાકરણ લાવવા પ્રયાસ કરો. તેના માટે અમુક સમય માટે પથારી પણ જુદી કરી શકાય. શક્ય છે વિરહના કારણે બંને ભેગા થઈ જાય. અલ્લાહના નબી ﷺ ફરમાવે છે, **"સ્ત્રીઓ અંગે સારી સલાહ સ્વીકારો, કારણ કે તેઓ અલ્લાહ તરફથી તમારી પાસે એક અમાનત છે."** (સહીહ બુખારી- ૫૧૮૫)

જો આ રીતે પણ સમસ્યાનો ઉકેલ ન આવે તો બંને પક્ષમાંથી એક એક સમજુ વ્યક્તિ બેસીને તેમની વચ્ચે સમાધાન લાવવાનો પ્રયત્ન કરે. જેમકે કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે,

**"અને જો તમને પતિ-પત્નીના સંબંધો બગડી જવાનો ભય હોય તો એક લવાદ પુરુષના સગામાંથી અને એક સ્ત્રીના સગામાંથી નિયુક્ત કરો, તેઓ બંને સંબંધો સુધારવા ચાહશે તો અલ્લાહ તેમના વચ્ચે સુમેળનો રસ્તો કાઢી આપશે. અલ્લાહ બધું જ જાણે છે અને ખબર રાખવાવાળો છે".** (સુરઃ નિસા ૩૫)

આ પ્રયાસ પણ નિષ્ફળ નિવડે તો પછી તેમને રાજી ખુશી છૂટા થઈ જવા માટેનો માર્ગ દેખાડે છે. ઈસ્લામે પરિવારને અંતિમ સીમા સુધી સાચવી રાખવાનું શિક્ષણ આપ્યું છે. અલ્લાહ નબી હઝરત મુહમ્મદ ﷺ ફરમાવે છે કે **"હલાલ વસ્તુઓમાં અલ્લાહને સૌથી અપ્રિય વસ્તુ તલાક છે."** (ઈબ્ને માજા). વાસ્તવમાં પરિસ્થિતિ ખૂબ જ ખરાબ થઈ જાય તો જ માણસને આ વિકલ્પ અપનાવવો જોઈએ. નાની નાની વાતોમાં છૂટાછેડાની વાત કરવી એ શરિયતના કાનૂનની ભાવના વિરુદ્ધ છે. આ બાબતે ખૂબ સમજી વિચારીને પગલાં લેવાની જરૂર છે, ક્ષણિક આવેશમાં આવીને ગુસ્સામાં આવો નિર્ણય લેવો નાદાની છે.

હવે, પરિસ્થિતિ જો અહીં સુધી પહોંચી જ ગઈ છે કે છૂટાછેડા સિવાય છુટકો જ નથી. તો ઈસ્લામે તેની પ્રક્રિયાનું વર્ણન કર્યું છે, જેને અનુસરવું જોઈએ. સૌથી પહેલા આ ગેરસમજ પોતાના મગજમાંથી કાઢી નાખો કે ત્રણ તલાક એક સાથે આપવાથી જ તલાક પૂર્ણ થશે. બલ્કે એ બાબત ફુકહા (ધર્મ શાસ્ત્રીઓ) નજીક નિર્વિવાદ છે કે એક સાથે ત્રણ તલાક આપવી ગુનો અને શરિયતની વિરુદ્ધ છે.

શરિયતના કાયદાઓ કૃપા ઉપર આધારિત છે. તલાકની પ્રક્રિયા પતિ-પત્નીને તરત છૂટા પાડવા માટે નહીં પણ સંબંધોને સુધારવા માટે ત્રણ અવસરો પ્રદાન કરે છે. ધારો કે પતિ-પત્ની એ હવે નક્કી જ કરી લીધું છે હવે છૂટેછેડા લઈ લેવા છે, તો તેના માટે જે માર્ગદર્શિકા છે તેને અનુસરવું જોઈએ. પ્રથમ, છૂટાછેડા આપતી વખતે મહિલા માસિકની અવસ્થાથી પસાર ન થતી હોય, એટલે પવિત્રતાની સ્થિતિ હોવી જરૂરી છે. બીજું, આ દરમ્યાન તેણે સ્ત્રી સાથે સહશયન કરેલ ન હોવું જોઈએ. ત્રીજું, સાક્ષીઓની હાજરીમાં છૂટાછેડા આપવા જોઈએ.

છૂટાછેડા માટે વ્યક્તિએ માત્ર એક તલાક આપવી જોઈએ. પારિભાષિક ભાષામાં તેને 'તલાકે અહસન' કહે છે. એક તલાક આપવાનો સૌથી મોટો લાભ આ છે કે વ્યક્તિને ત્રણ વિકલ્પ મળી જાય છે. પહેલું, ઇદ્દતની સમયવિધિમાં એટલે ત્રણ મહિનાની મુદ્દત દરમિયાન તે રુજુ કરી શકે છે. એટલે કે પાછું ખેંચી (withdraw) શકે છે, અને તેઓ બંને દંપત્તિ તરીકે આગળનું જીવન જીવી શકે છે. જેમકે અલ્લાહ ફરમાવે છે, **"તેમના પતિઓ સંબંધ સુધારી લેવા માટે તૈયાર હોય, તો તેઓ આ ઇદ્દત (મુદ્દત) દરમિયાન તેમને પત્ની તરીકે પાછા રાખી લેવાના હક્કદાર છે."** (સૂરઃ બકરહ ૨૨૮)

બીજું, જો ત્રણ મહિનાની અંદર વ્યક્તિ પાછું ન ખેંચે તો તેઓ હંમેશા માટે એકબીજાથી છૂટા પડી જાય છે. હવે બંને સ્વતંત્ર છે જ્યાં ઈચ્છે યોગ્ય પાત્ર સુધી તેની સાથે લગ્ન કરી પોતાનું જીવન વ્યતીત કરી શકે છે.

**"જ્યારે તમે તમારી સ્ત્રીઓને તલાક આપી દો અને તેઓ તેમની ઇદ્દત (મુદ્દત) પૂરી કરી લે, તો પછી એમાં અવરોધરૂપ ન બનો કે તેઓ પોતાના પ્રસ્તાવિત પતિઓ સાથે**

**નિકાહ કરી લે, જ્યારે કે તેઓ ભલી રીતે એક-બીજા સાથે નિકાહ (લગ્ન) કરવા માટે રાજી હોય. તમને શિખામણ આપવામાં આવે છે કે આવું કૃત્ય કદાપિ ન કરજો, જો તમે અલ્લાહ અને આખિરતના દિવસ ઉપર ઈમાન ધરાવતા હોવ. તમારા માટે શિષ્ટ અને શુદ્ધ પદ્ધતિ આ જ છે કે તમે તેનાથી બચો".** (સૂરઃ બકરહ, ૨૩૨)

ત્રીજું, ધારો કે છૂટાછેડા પછી તેઓ ક્યાંય લગ્ન ન કરી શક્યા અને વર્ષ, બે વર્ષ કે ૧૦ વર્ષ એટલે જીવનમાં ગમે ત્યારે તેઓ પાછા પતિ-પત્ની તરીકે એકઠા થવા માંગે તો, નવી મહર સાથે પુનઃલગ્ન કરી શકે છે. એટલે એક તલાક પોતાનામાં પૂર્ણ હોય છે અને મહિલા ઈદ્દત ગુજાર્યા પછી ગમે ત્યાં ગમે ત્યારે લગ્ન કરી શકે છે. અમુક લોકોને આ ગેરસમજ છે કે જ્યાં સુધી ત્રણ તલાક ન થાય તો સ્ત્રી બીજે ક્યાંય લગ્ન કરી શકતી નથી, તે ખોટું છે.

હવે, ધારો કે તેમણે એક બીજા સાથે પુનઃવિવાહ કર્યો અને ફરીથી પહેલા જેવી કોઈ પરિસ્થિતિ ઊભી થઈ તો પુરુષ પહેલાની જેમ, પ્રક્રિયાને અનુસરી બીજી વખત તલાક આપી શકે છે. અને તે ઈદ્દતની મુદ્દતમાં રુજુ કરી શકે છે અથવા છૂટા પડી શકે છે. પરંતુ જો છૂટા પડી ગયા હોય અને ફરી તેઓ ત્રીજી વાર મળવા ઈચ્છે તો ફરી નવા મહર સાથે લગ્ન કરી શકે છે. અલબત્ત દાંપત્ય જીવનને સાચવવા કે બચાવવા માટેની આ છેલ્લી તક છે. હવે, જો તે ત્રીજી વખત તલાક આપી દે તો તેના માટે એ મહિલા હંમેશ માટે હરામ થઈ જાય છે અને તેમના માટે પુનઃમિલનનો કોઈ અવસર બાકી રહેતો નથી. કુર્આનમાં અલ્લાહ ફરમાવે છે,

**"તલાક બે વાર છે. પછી સીધી રીતે સ્ત્રીને રોકી લેવામાં આવે અથવા ભલાઈપૂર્વક તેને વિદાય કરી દેવામાં આવે; અને વિદાય કરતી વખતે એવું કરવું તમારા માટે ઉચિત નથી કે જે કંઈ તમે તેને આપી ચૂક્યા છો, તેમાંથી કેટલુંક પાછું લઈ લો, સિવાય કે પતિ-પત્નીને અલ્લાહની નિર્ધારિત સીમાઓ પર અડગ ન રહી શકવાનો ભય હોય".** (સૂરઃ બકરહ, ૨૨૯)

હવે ત્રણ તલાક પછી સ્ત્રી પોતાની ઈચ્છા પ્રમાણે બીજા પુરુષ સાથે લગ્ન કરવા સ્વતંત્ર છે. પરંતુ ધારો કે આ બીજો પુરુષ મૃત્યુ પામે અથવા તલાક આપી દે, અને જો તે ઈચ્છે તો પૂર્વ પતિ અથવા બીજા કોઈ પણ પુરુષ સાથે લગ્ન કરી શકે છે. આ રીતે સ્ત્રી પોતાના પ્રથમ પતિ માટે હલાલ થાય છે. ઈસ્લામે પતિ-પત્નીને વારંવાર ભેગા કરવાના અવસરો આપ્યા છે. પછી જો (બે વાર તલાક આપ્યા પછી પતિએ સ્ત્રીને ત્રીજી વાર) તલાક આપી દીધી, તો તે સ્ત્રી પછી તેના માટે હલાલ (વૈધ) રહેશે નહીં, સિવાય કે તેના નિકાહ (લગ્ન) કોઈ બીજા પુરુષ સાથે થાય અને તે તેને તલાક આપી દે. ત્યારે જો પહેલો પતિ અને આ સ્ત્રી બંને એમ વિચારે કે અલ્લાહના કાનૂન ઉપર અડગ રહેશે, તો તેમના એક-બીજા સાથે ફરી મળી જવામાં કોઈ દોષ નથી. આ અલ્લાહે નિર્ધારિત કરેલી સીમાઓ છે, (સુરઃબકરહ ૨૩૦)

એ વાત યાદ રહેવી જોઈએ કે બીજા પુરુષ સાથે લગ્ન નિર્ધારિત સમય માટે અથવા આયોજન બદ્ધ તલાક લેવા માટે ન હોવા જોઈએ. આ રીતે હલાલા કરવું હરામ છે. કેમકે આ શરિયતની નજરમાં આ કાયદેસરના લગ્ન નથી, આ કુરિવાજ સ્ત્રીને પહેલા પતિ માટે કાયદેસર બનાવવાના હેતુથી કરવામાં આવે છે. હકીકતમાં, આ પ્રક્રિયા શરિયાહ પ્રત્યે છેતરપિંડી, અવમાનના, ઘૃણિત અને અનૈતિક કાર્ય માત્ર છે. પયગંબર ﷺ એ ફરમાવ્યું, "હલાલા કરવા વાળા અને હલાલા કરનાર બંને ઉપર અલ્લાહની લાનત(શાપ) છે." (દારીમી ૨૩૦૪)

આ ખૂબ જ દુખદ છે કે મુસ્લિમ સમાજ પોતે પણ છુટાછેડા આપવાની સાચી પ્રક્રિયાથી અજાણ છે. તેઓ એમ સમજે છે કે ત્રણ વાર તલાક આપવાથી જ છૂટાછેડા શક્ય બને છે અને આ ગેરસમજ ઊભી થવાનું કારણ આ છે કે આપણે ત્યાં જે ફિલ્મો અને ડ્રામા નિર્માણ પામ્યા છે, લેખકોએ જે કૃતિઓ અને નવલકથાઓ લખી છે,

(અનુ. ૨૯માં પાને)

**Prince Fabrication**

Akil bhai M. 9426584514
Ibrahim bhai M. 9723713519
Ismail bhai M. 9409407917



ALL KIND OF GATE, GRILL, CHANAL GATE, SPIRAL STAIR, STAIR RAILING

205, LOKHANDWALI'S CHAWL, OPP. MOHAMMADI MASJID, RAKHIYAL ROAD, BAPUNAGAR, AHMEDABAD - 380024 (O) : 079 - 22742658

# ઇસ્લામી મૂલ્યોના પ્રકાશમાં જનભાગીદારીની જ્વલંત યાત્રા

લોકશાહી એ એક એવી વિચારધારા છે જેના દાવાઓ આકાશને આંબે એવા ઊંચા અને સંમોહિત કરી નાખે એવા સુંદર હોય છે પરંતુ વાસ્તવિકતાની દુનિયામાં તેનું અમલીકરણ ખૂબ જટિલ હોય છે. ભાતભાતની વૈવિધ્યતાથી ભરપૂર આપણા દેશ ભારતે બંધારણીય રીતે લોકશાહીને પોતાના પાયાનો સિદ્ધાંત સ્વીકાર્યો તો છે પરંતુ હકીકત એ છે કે બાહ્ય રીતે સક્રિય લાગતું આપણું લોકતંત્ર ખરેખર પોતાના મૂળ વચનોને પૂરા કરવામાં સંઘર્ષ કરી રહ્યું છે. ખૂબ મોટી આશાઓ સાથે દેશના છેવાડાના પ્રદેશોમાં વસતા અને વંચિત એવા કરોડો લોકોને સશક્ત બનાવવાના ઉદ્દેશ્ય સાથે પ્રસ્થાપિત આપણું આ લોકતંત્ર આજે જાણે તેમને જ પ્રતિનિધિત્વ આપવામાં સક્ષમ રહ્યું નથી તેવું દેખાઈ રહ્યું છે. જેમના માટે આશાનું કિરણ હતી એવી આ વ્યવસ્થામાં આજે તેઓ અવગણના પામ્યા છે, તેમનો અવાજ દબાઈ ગયો છે અને તેઓ જાણે બિલકુલ અનુપસ્થિત બની ગયા છે.

આજના સમયમાં ભારત વૈશ્વિક સ્તરે આર્થિક ક્ષેત્રે ખૂબ ઝડપથી પ્રગતિ કરી દુનિયાના સૌથી મોટા અર્થતંત્ર ધરાવતા દેશોમાં સામેલ થવા માટે હરણફાળ ભરી રહ્યું છે અને સાથે સાથે દુનિયાની સૌથી મોટી લોકશાહી હોવાનું બિરુદ પણ તેણે હાંસિલ કર્યું છે જે બાબતનું આપણે ગૌરવ પણ લઈએ છીએ અને તેને વાર તહેવારે ઉજવવામાં કોઈ કચાશ પણ રાખતા નથી, પરંતુ જરાક અંદર ડોકિયું કરીશું તો જણાશે કે હજી પણ આર્થિક, શૈક્ષણિક અને સામાજિક અસમાનતાઓની ઊંડી ખાઈઓ આપણા ત્યાં અસ્તિત્વ ધરાવે છે. આ ખાઈઓને પૂરવાને બદલે, આ જ લોકતંત્ર ઘણીવાર તેમને વધુ ઊંડી બનાવી દે છે. ગરીબી, ગુણવત્તાયુક્ત શિક્ષણની અછત, અને સામાજિક વિભાજન જેવા પડકારો આ જ લોકતંત્રની રહેમ નજર હેઠળ વધુ ને વધુ ગંભીર બની રહ્યા છે, કારણ કે સત્તા અને વિશેષાધિકારને સેવા અને સમતા ઉપર પ્રાધાન્ય પ્રાપ્ત થઈ ગયું છે.

ફક્ત ભારતમાં જ આ સમસ્યા છે એવું નથી, પરંતુ આજે દુનિયાના મોટાભાગના લોકશાહી દેશો આ જ પડકારનો સામનો કરી રહ્યા છે. લોકશાહીએ જેના વચન આપ્યા હતા તેવા સમાનતા, ન્યાય અને ઇન્સાફના મૂલ્યો દિવસે ને દિવસે વધુ ને વધુ ગાયબ થતા જઈ રહ્યા છે.

ઘડીક થોભીને આપણે ઊંડો વિચાર કરીશું તો જણાશે કે આ પરિસ્થિતિ માટે જવાબદાર મુખ્ય કારણોમાં સૌથી અગ્રીમ હરોળમાં જે પરિબળ ભાગ ભજવી રહ્યું છે તે આપણા ત્યાંની ચૂંટણીની વ્યવસ્થા છે. આ વ્યવસ્થા કે જે લોકશાહીને જમીન પર ઉતારવાનું સૌથી મહત્ત્વપૂર્ણ સાધન માનવામાં આવે છે એ આજદિન સુધી પોતાના દાવાઓ મુજબ કોઈ ખાસ અસરકારકતા પુરવાર કરી શકી નથી. ચૂંટણી થકી ખરેખર તો દરેક નાગરિકનો અવાજ સંભળાવવો જોઈએ અને જન સામાન્યની ઇચ્છા પ્રતિબિંબિત થવી જોઈએ, તે આજે માત્ર શક્તિશાળી વર્ગોની ઈચ્છાઓની પૂર્તિનું માધ્યમ બની ગઈ છે. "ફર્સ્ટ પાસ્ટ ધ પોસ્ટ" જેવી ચૂંટણી પદ્ધતિ દ્વારા જે પ્રતિનિધિત્વ પ્રાપ્ત થઈ રહ્યું છે તે બિનઅસરકારક પુરવાર થઈ રહ્યું છે. આ પ્રક્રિયાએ પ્રતિનિધિત્વની વ્યાખ્યાને જ વિકૃત સ્વરૂપ આપી દીધું છે કારણ કે એકદમ નહિવત્ બહુમતી મેળવીને પણ ઉમેદવાર વિજયી થઈ જાય છે જેના કારણે મોટાભાગની વસ્તીનું પ્રતિનિધિત્વ થતું નથી. દુ:ખદ વાત તો એ છે કે લાખો લોકો માટે કે જેઓ આ ખોટા તંત્રથી સૌથી વધુ પીડિત છે તેમના માટે લોકશહીનો અર્થ સમયાંતરે આવનારી ચૂંટણીઓ સિવાય કંઈ રહ્યો નથી. તેઓ એ સમજી જ નથી શક્યા કે સાચું લોકતંત્ર એ એક એવું શાસન પદ્ધતિ છે જે સમાવિષ્ટતા, જવાબદારી અને ન્યાય પર આધારિત હોય છે—જ્યાં દરેક અવાજ મહત્ત્વ ધરાવે છે અને કોઈ પણ સમુદાયની અવગણના થતી નથી.

લોકશાહી, જેને એક એવી વ્યવસ્થા માનવામાં આવી હતી કે જ્યાં નેતાઓ લોકોની સેવા કરશે, ન્યાયને પ્રાધાન્ય આપશે અને સામૂહિક હિત માટે કાર્ય કરશે, હકીકતમાં હવે માત્ર એક આવકનું સાધન બની ગઈ છે – જેની મદદથી નેતાઓ સત્તાની સીડીઓ ચઢી લોકસેવાને બાજુએ મૂકી વધુ ને વધુ ખોટા લાભો ખાટી જવાની હરીફાઈમાં લાગી ગયા છે. પરિણામે, લોકશાહીના વચનો મોટાભાગે અધૂરા રહી ગયા છે અને

શાસન વ્યક્તિગત્ ઈચ્છાઓ અને હિતોની આસપાસ સીમિત બની ગયું છે.

આધુનિક લોકશાહી આકર્ષક સિધ્ધાંતો અને અમલમાં શૂન્ય એવી એક વ્યવસ્થા બનીને ઊભી છે. આ ખામીઓ છતાં, ભારતીય લોકોની અડગતા અને એકતાની કુદરતી ભાવનાએ દેશમાં એકતાનું બંધન જાળવી રાખ્યું છે અને તંત્ર કોઈ પણ રીતે ચાલી રહ્યું છે,પરંતુ માત્ર આ અડગતા વ્યવસ્થાગત્ ખામીઓના ઉકેલ લાવવા માટે પૂરતી નથી. હવે સમય આવી ગયો છે કે આપણે આ પ્રશ્નો ઉઠાવીએ કે, શું આપણે એવાં તંત્ર પર વધુ નિર્ભર રહી શકીએ જે લાખો લોકોને પાછળ છોડી દે છે? શું કોઈ એવો વિકલ્પ છે કે જે શાસન પદ્ધતિને ન્યાય, સમાનતા અને સમાવિષ્ટતાના શાશ્વત મૂલ્યો સાથે સાંકળી શકે?

**ઇસ્લામી લોકશાહીઃ લોકભાગીદારીનો એક ઉચ્ચ દૃષ્ટિકોણ**

વર્તમાન સમયમાં પ્રચલિત પશ્ચિમી લોકશાહી સામે ઈસ્લામી મૂલ્યો આધારિત લોકભાગીદારી એક શુદ્ધ, અર્થપૂર્ણ અને ઉચ્ચ વિકલ્પ રજૂ કરે છે. આ મૂલ્યો આધારિત નિર્માણ પામતી વ્યવસ્થામાં નેતૃત્વનો અર્થ પોતાની જાતને કેન્દ્ર સ્થાને રાખી પ્રચાર-પ્રસાર કરવાનો કે ફક્ત ચૂંટણી ઝુંબેશ ચલાવી સત્તા પ્રાપ્ત કરવાનો નથી, પરંતુ અહીંયાં નેતૃત્વ એ ઈમાનદારી, ઉત્તમ લાયકાત અને નૈતિક પવિત્રતાની સામૂહિક ઓળખ સ્વરૂપે દૃશ્યમાન થાય છે. અહીંયાં વ્યક્તિઓ ક્યારેય પોતાની જાતને નેતૃત્વના ઉમેદવાર તરીકે રજૂ કરતા નથી, પરંતુ તેમની ન્યાયપ્રિયતા, સમાનતા અને સામાજિક કલ્યાણ માટેનો ભાવ તથા ઈમાનદારી અને અમાનતદારી જેવા સિધ્ધાંતો પ્રત્યેની અડગતા તેમને લોકનાયક તરીકે સમાજમાં સ્વીકૃતિ અપાવે છે.

આ મોડેલ કુર્આનના આ સિદ્ધાંત સાથે સુસંગત છેઃ **"મુસલમાનો! અલ્લાહ તમને હુકમ આપે છે કે અમાનતો અમાનતદાર લોકો** (Worthy of Trust)**ને સોંપો, અને જ્યારે લોકો વચ્ચે ફેંસલો કરો તો ન્યાયપૂર્વક કરો, અલ્લાહ તમને સર્વોત્તમ શિખામણ આપે છે અને ચોક્કસપણે અલ્લાહ બધું જ સાંભળે અને જુએ છે."**

(સૂરઃ અન્-નિસાઃ ૫૮)

**ઇસ્લામી લોકશાહીના મૂળભૂત સિદ્ધાંતોઃ**

ઈસ્લામી લોકશાહી એ નૈતિક મૂલ્યો ઉપર આધારિત શાસન વ્યવસ્થા છે, જ્યાં નેતૃત્વ એક અમાનત હોય છે અને ન્યાય તેનો માર્ગદર્શક સિદ્ધાંત હોય છે. આધુનિક લોકશાહીથી વિપરીત, જે મોટાભાગે સત્તાલોલુપ લોકોના હિતમાં જ કામ કરતી જોવા મળી છે, ઈસ્લામી શાસનપદ્ધતિ એવી લાયકાત ધરાવતા, નિષ્ઠાવાન અને ખૌફે-ખુદા (ઈશભય) ધરાવતા લોકોને નેતૃત્વ સોંપે છે.

**ઇસ્લામી લોકશાહી માટે નેતૃત્વના ચયનના પાંચ મૂળભૂત સિદ્ધાંતો આધારરૂપ છેઃ**

**૧. નેતૃત્વ એ અમાનત છેઃ** ઈસ્લામમાં શાસન કોઈ વ્યક્તિવિશેષ કે કુટુંબનો જન્મસિધ્ધ અધિકાર નથી કે જેનો તે દાવો કરી શકે. અહીંયાં સિધ્ધાંત એ છે કે નેતૃત્વ એ એક **"અમાનત"** છે અને એક જવાબદારી છે, જે એવી વ્યક્તિને આપવામાં આવે જે લાયક અને ઈમાનદાર હોય. આ વ્યવસ્થામાં શાસકો જનતાના સેવક હોય છે, માલિક નહિ. શાસનનો હેતુ વ્યક્તિગત્ કે પોતાના જ લોકોનો ફાયદો નહિ, પરંતુ જનહિત અને સર્વેનું કલ્યાણ હોય છે. આધુનિક ચૂંટણી પ્રણાલીઓમાં જ્યાં પોતાની જાતને પ્રસ્તુત કરી પોતાનો જ પ્રચાર-પ્રસાર કરવાની પ્રવૃત્તિ અને ઘમંડ અને સત્તાની લાલચ જોવા મળે છે, ત્યાં ઈસ્લામી લોકશાહીમાં સેવા માટે યોગ્ય વ્યક્તિને જ નેતૃત્વ મળે છે — સત્તાલાલચુઓ માટે કોઈ સ્થાન નથી.

**૨. ખૌફે-ખુદા (ઈશભય) ધરાવતું નેતૃત્વઃ** કુર્આન ચેતવે છેઃ **"આથી પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને ન્યાયથી હટો નહીં અને જો તમે અધૂરી અને પક્ષપાતપૂર્ણ વાત કહી અથવા સાચી વાત કહેવાનું ટાળ્યું તો જાણી લો કે જે કંઈ તમે કરો છો અલ્લાહને તેની ખબર છે."**

(સૂરઃ અન્ નિસાઃ ૧૩૫)

ન્યાયપ્રધાન સમાજ માટે એવું નેતૃત્વ જરૂરી છે જેમાં તક્વા હોય — એવી વ્યક્તિઓ જે લોકોથી નહિ, પણ અલ્લાહની પકડથી ડરે. ઈસ્લામમાં લોકપ્રિયતાને નહિ, પણ નિષ્ઠાને પ્રાથમિકતા આપવામાં આવે છે. વ્યક્તિનો અલ્લાહ સાથેનો રૂહાની (આધ્યાત્મિક) સંબંધ અને સિદ્ધાંતો ઉપર અડગ રહી જિંદગી જીવવાની તેની નેમ તેના નેતૃત્વની નૈતિક દિશા નક્કી કરે છે. આવી વ્યક્તિઓ હોય છે જે ન્યાયભર્યું શાસન સુનિશ્ચિત કરે છે.

ભ્રષ્ટાચાર, ધોખાબાજી અને સગા-સંબંધિયોની લાગવગ અને પક્ષપાતી વલણને ઈસ્લામમાં સખત મનાઈ અને સજા છે. જ્યાં આજના તંત્રમાં પૈસા અને મીડિયા લોકોની પસંદગી નક્કી કરે છે, ત્યાં ઈસ્લામી શાસન એવું શાસન છે જ્યાં નૈતિક મૂલ્યો સામે ધન અને શક્તિને કોઈ સ્થાન નથી.

**3. જનાધારિત નેતૃત્વનું ચયનઃ** ઈસ્લામી લોકશાહીમાં નેતાઓ પોતે આગળ નહિ આવે, પણ પોતાની લાયકાત અને સેવા પરથી સમુદાયમાંથી ઊભરી આવે છે.

**નબી ﷺ એ ફરમાવ્યુંઃ "અલ્લાહની કસમ! અમે એ વ્યક્તિને કોઇ પદ પર નિયુક્ત નહીં**

**કરીએ કે જે તેને માંગે કે જેના દિલમાં એની લાલચ હોય."** (સહીહ મુસ્લિમ)

ઈસ્લામી મૂલ્યો આધારિત લોકશાહી વ્યવસ્થામાં વ્યક્તિ ક્યારેય નેતૃત્વ માટે લાયક છે એવો દાવો નથી કરતી પરંતુ તેની નિષ્ઠા અને સેવાભાવના થકી તે સમાજમાં આપોઆપ ઊભરી આવે છે અને સમુદાય જ તેને નામાંકીત કરે છે અને પ્રોત્સાહન આપે છે. આ પ્રકારની વ્યવસ્થા અને શાસન મજબૂત જનાધાર અને વિશ્વાસ પર ઊભેલું હોય છે જ્યાં કોઈ રાજકીય લાલચ કામ નથી કરતી. સમાજના ઉત્થાનની ઊંડી સમજ અને જ્ઞાન ધરાવનાર ઉચ્ચતમ ચરિત્રના ધણી લોકો સામે કાળા ધન ધરાવનાર પૈસાદારો પોકળ સાબિત થઈ જાય છે અને તેમને કોઈ પીઠબળ પ્રાપ્ત થતું નથી.

આ સિદ્ધાંત આધુનિક રાજકારણમાં જોવા મળતી સત્તા માટેની દોડ અને ખર્ચાળ ચૂંટણીની વ્યવસ્થાને જડમૂળથી નેસ્તનાબૂદ કરવામાં અકસીર સાબિત થશે એમાં કોઈ બેમત નથી.

**૪. ઉત્તરદાયિત્વ અને જવાબદારી જે ચૂંટણીઓ સુધી સીમિત ના હોયઃ** આધુનિક લોકશાહીમાં જવાબદારીઓ અને ઉત્તરદાયિત્વનો હિસાબ-કિતાબ ફક્ત ચૂંટણી સુધી મર્યાદિત રહે છે, જ્યારે ઈસ્લામી લોકશાહીમાં નેતા હરહંમેશ અલ્લાહ અને જનતાની સામે જવાબદાર હોય છે. અહીં શૂરા (પરામર્શી સંસ્થા)ની વ્યવસ્થા હોય છે જેમાં ઉલેમા, નિષ્ણાતો અને સામાન્ય લોકોનો સમાવેશ થાય છે. આ શૂરાને પણ મંતવ્યો અને દરેક બાબતમાં યોગ્ય સૂચનો પહોંચે તે માટે Community Councils (લોકપરિષદો)નું માધ્યમ હોય છે જે સત્તામાં જનભાગીદારી સુનિશ્ચિત કરે છે.

**કુર્આન કહે છેઃ "અને તેઓ પોતાનાં કામ પરસ્પર પરામર્શથી કરે છે..."** (સૂરઃ શૂરા, આયત-૩૮)

આમ આ વ્યવસ્થા એક આદર્શ શાસનનું એવું સ્વરૂપ છે જ્યાં સરમુખત્યારશાહી, રાજાશાહી, અમલદારશાહી કે ભદ્રવાદને કોઈ સ્થાન પ્રાપ્ત નથી. તદુપરાંત, જો કોઈ નેતા પોતાની જવાબદારીમાં નિષ્ફળ જાય, તો તેને દૂર કરવા માટે પણ સ્પષ્ટ અને ન્યાયસંગત પ્રક્રિયા અહીંયાં ઉપલબ્ધ હોય છે. આમ આ આખી વ્યવસ્થા દુશાસન, ભ્રષ્ટાચાર અને અયોગ્ય નેતૃત્વની અટક કરે છે અને શાસકોને **"લોકોની સેવા"** કરવા માટે બાધ્ય કરે છે.

**૫. સમાન અને સર્વાંગી પ્રતિનિધિત્વઃ** ઈસ્લામી લોકશાહી શાસન પદ્ધતિ એક ન્યાયપ્રધાન તંત્ર છે જેમાં દરેક જાતિ, વર્ગ કે લિંગને – ખાસ કરીને પછાત અને વંચિત વર્ગોને – યોગ્ય સ્થાન મળે એનું પ્રાવધાન હોય છે.

**કુર્આન કહે છેઃ**

**"હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! ન્યાયના ધ્વજવાહક બનો અને અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો, ભલે તમારા ન્યાય અને તમારી સાક્ષીની વિરુધ્ધ અસર સ્વયં તમારા પર અથવા તમારા માતા-પિતા અને સગાઓ પર જ કેમ ન પડતી હોય."**

(સૂરઃ અન્ નિસા, આયત-૧૩૫)

સામાજિક ન્યાય ઈસ્લામી શાસનનું મૂળ લક્ષ્ય છે, અને તેનો હેતુ દરેક પ્રકારના અન્યાયનો, ભેદભાવ અને દમનનો અંત લાવવાનો છે. ઈસ્લામી શાસનની સ્થાપના **"અદલ"** પર છે — જે ન્યાય અને સમતાનું પ્રતીક છે.

**કુર્આન સ્પષ્ટ કહે છેઃ "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! અલ્લાહ માટે સચ્ચાઈ ઉપર કાયમ રહેવાવાળા અને ન્યાયની સાક્ષી આપવાવાળા બનો, કોઈ જૂથની દુશ્મનાવટ તમને એટલા ઉત્તેજિત ન કરી દે કે તમે ન્યાયથી ફરી જાઓ. ન્યાય કરો, આ તક્વા (અલ્લાહથી ડરવા) સાથે વધુ સુસંગત છે. અલ્લાહનો ડર રાખીને કામ કરતા રહો, જે કંઈ તમે કરો છો અલ્લાહ તેનાથી પૂરેપૂરો વાકેફ છે."**

(સૂરઃ માઈદહ, આયત-૮)

આમ ઈસ્લામી લોકશાહી એ માત્ર ચૂંટણી કે મતદાનની આસપાસ ફરતી કોઈ પ્રણાલી નથી, પણ એક એવી અસરકારક વ્યવસ્થા છે જે ન્યાય આધારિત સમાજનું નિર્માણ કરે છે. અહીંયાં સત્તામાં આવનાર જે કોઈ પણ હોય તે એ બાબતે બંધાયેલ છે કે ભેદભાવ, સગાપણું , લાગવગ અને શોષણને નાબૂદ કરીને એવી નીતિઓ બનાવી તેના ઉપર અમલ કરે જે આર્થિક ન્યાય, સામાજિક કલ્યાણ અને દરેક વ્યક્તિ માટે સમાન અવસરો આપે.

આદર્શ ઈસ્લામી લોકશાહીના અમલ માટે ચૂંટણી વ્યવસ્થામાં ક્રાંતિકારી સુધારાઓ અત્યંત જરૂરી છે. આ સાથે જ આ સુધારાઓ માટે જનતામાં જાગૃતિ અને સમજણ વિકસાવવા માટે જમીની સ્તરે કાર્યરત લોકઆંદોલનો (Grassroot Movements)ને મજબૂત બનાવવાના પગલાં પણ એટલા જ જરૂરી છે.

સૌથી પહેલું કામ ભારતની હાલની ચૂંટણી પ્રણાલી અંગે વિચાર કરીએ અને તેની મૂળ ખામીઓને દૂર કરીને લોકશાહીનું સાચું લક્ષ્ય — ન્યાય, સમાનતા અને સર્વસામાન્ય પ્રતિનિધિત્વ — પ્રાપ્ત કરવા માટે જે સુધારાઓ જરૂરી છે અને ઝડપથી કરી શકાય તેવા છે તેના ઉપર ચર્ચા કરીએ. નીચે જણાવેલ પગલાં વધુ વ્યાપક , લોકભાગીદારી સુનિશ્ચિત કરે તેવા અને જવાબદાર લોકશાહી તરફ દોરી જાય તેવા છે.

**૧. પુનઃપસંદગીનો અધિકાર (Right to Recall):** જનતાને એ અધિકાર આપવો જોઈએ કે તેઓ

પોતાના પસંદ કરેલ પ્રતિનિધિઓની જવાબદારી નિર્ધારિત કરી શકે. જો કોઈ પ્રતિનિધિ પોતાનું વચન ભૂલી જાય અથવા જાહેર હિતના વિરુદ્ધ કાર્ય કરે, તો જનતા તેને કાર્યકાળ પૂરો થતા પહેલાં પણ પાછો બોલાવી શકે તેવી વ્યવસ્થા હોવી જોઈએ. આમ કરવાથી પ્રતિનિધિઓ પર હંમેશાં એ દબાવ રહેશે કે તેઓ લોકો માટે જવાબદારીપૂર્વક પારદર્શિતા સાથે કામ કરતા રહેશે. હાલમાં એવું છે કે એક વખત મત આપીને જેને જીતાડી દે છે તેને પાછો બોલાવી લેવા કે સત્તા પરથી હટાવી દેવાનો મોકો લોકો પાસે બીજી ચૂંટણી સુધી આવતો નથી.

**૨. ગ્રામ્ય લોકશાહીનો અમલઃ** જયપ્રકાશ નારાયણ અને રામમનોહર લોહિયાની ચળવળમાંથી શીખ લઈને ગ્રામ્ય સંસ્થાઓ જેમ કે પંચાયતોને સશક્ત બનાવવી જોઈએ. આવા નેતાઓએ એવું ભારત કલ્પ્યું હતું જ્યાં ગામો આત્મનિર્ભર હોય અને શાસનવ્યવસ્થામાં સક્રિય ભાગ ભજવે. પંચાયતીરાજ સંસ્થાઓને નાણાકીય સ્વતંત્રતા મળે અને તેમના પાસે નિર્ણયો લેવાના અધિકારો અને શક્તિ વધારે પ્રાપ્ય થાય તેવું કરી શકાય તો લોકભાગીદારીવાળી શાસન પદ્ધતિ અમલમાં લાવી શકાય.

**૩. લોક વિમર્શ અને જનભાગીદારી આધારિત લોકશાહીઃ** માત્ર મતદાન આધારિત લોકશાહીના માળખાથી આગળ વધીને, એવી લોકશાહી તરફ પ્રયાણ કરવું પડશે જ્યાં નીતિગઠન (Policy Making) પ્રક્રિયામાં જનતાની સીધી ભાગીદારી હોય. જાહેર ચર્ચાઓ, નાગરિક એસેમ્બલી, અને પરામર્શ ફોરમ્સ જેવા મંચો તૈયાર કરવામાં આવે જેથી વિવિધ વર્ગોનો અવાજ નીતિગઠનમાં સાંભળી શકાય. આ પ્રકારના લોકમંચોને બંધારણીય અને કાનૂની રીતે માન્યતા આપવામાં આવે જેથી તેની અવગણના કે અવહેલના કાનૂની રીતે ગુનો બને.આનાથી પ્રતિનિધિ અને જનતાની વચ્ચે વિશ્વાસ અને સહયોગ વધશે.

**૪. અનુપાતી પ્રતિનિધિત્વ (Proportional Representation):** હાલની ‘ફર્સ્ટ પાસ્ટ ધ પોસ્ટ’ ચૂંટણી પદ્ધતિને બદલીને અનુપાતી પ્રતિનિધિત્વવાળી (Proportional Representation) મતદાન પધ્ધતિ અપનાવવી જોઈએ જેથી દરેકે દરેક મતનું મૂલ્ય બાકી રહે અને દરેક વર્ગને યોગ્ય પ્રતિનિધિત્વ મળે. આ પગલું સંખ્યાગણતરીમાં નબળા સમુદાયો અને પછાત વર્ગો માટે ખૂબ મહત્ત્વપૂર્ણ અને રાજકીય સશક્તિકરણ માટે શ્રેષ્ઠ સાબિત થશે. આ વ્યવસ્થા દુનિયાના ઘણા દેશોમાં હાલમાં અસ્તિત્વ ધરાવે છે અને ભારતમાં પણ સિવિલ સોસાયટીઝમાં આની ચર્ચા થતી રહે છે.

**૫. ચૂંટણી ભંડોળની પારદર્શિતાઃ** ચૂંટણી ખર્ચ અને ચૂંટણી ભંડોળ ભેગું કરવા માટે કડક નિયમો લાગુ કરવામાં આવે.ચૂંટણી પ્રક્રિયા ઉપર ધનાઢયો અને કોર્પોરેટ્સના લાભો અસર અંદાઝ થાય એવી દરેક પ્રક્રિયાને નાબૂદ કરવામાં આવે. ચૂંટણીઓ જનસામાન્યના ભંડોળથી લડવામાં આવે અને દાન તથા ભેટોની યથાવત વિગતો ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સમયાંતરે ઉપલબ્ધ કરાવવી દરેક માટે અનિવાર્ય બની જાય તેવા ચુસ્ત નિયમો ઘડવામાં આવે એ ખૂબ જરૂરી છે.આ રીતે ભ્રષ્ટાચારને નિયંત્રિત કરી શકાય.

**૬. રાજકીય પક્ષોમાં આંતરિક લોકશાહીઃ** ઇસ્લામી લોકશાહીના એ જ મૂળભૂત સિદ્ધાંતો, કે જેની ચર્ચા આપણે કરી ચૂક્યા છીએ મુજબ રાજકીય પક્ષોની અંદર પણ આંતરિક ચૂંટણી ફરજિયાત થવી જોઈએ. આમ કરવાથી વિવિધ રાજકીય પક્ષોમાં પણ વંશપરંપરાગત અને લાગવગવાળી રાજનીતિનો અંત આવશે અને દરેક પક્ષમાં ખૂબ જમીની સ્તરના સત્તાની લાલસા વગરના ઉચ્ચ ચરિત્ર ધરાવનાર લાયક લોકો જ ઉપર આવશે. આમ કરવાથી દેશની ધુરા સંભાળવા માટે દરેક પક્ષમાંથી સારામાં સારા માણસો વચ્ચે જ હરીફાઈ થશે અને હારજીત ગમે તેની થાય પણ છેલ્લે જીત તો જનતાની જ થશે.

**૭. સ્થાનિક શાસનને સશક્ત બનાવવુંઃ** મહાનગરપાલિકા અને ગ્રામ પંચાયતોને સ્વાયત્ત અને મજબૂત બનાવવા અનિવાર્ય જણાય તેટલી મહત્તમ હદે સત્તાનું વિકેન્દ્રીકરણ કરી વધુમાં વધુ જનભાગીદારી અને સ્થાનિક સ્તરે સામાન્ય જનતા પ્રત્યે પણ સ્થાનિક નેતા જવાબદાર બની પારદર્શિતા સાથે કામ કરે તેવી વ્યવસ્થા થવી જોઈએ.જમીની સ્તરે દરેક નાગરિકનું રાજકીય સશક્તિકરણ એટલી હદે થઈ જવું જોઈએ કે જે સામાજિક સંસાધનોના ન્યાયસભર વિતરણને આપોઆપ સુનિશ્ચિત કરી નાખે.

**૮. ટેક્નોલોજીના ઉપયોગ થકી ઉત્કૃષ્ઠ પારદર્શિતા પ્રસ્થાપિત કરવીઃ** આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી છેવાડાની વંચિત વ્યક્તિને પણ પારદર્શક ચૂંટણી પ્રક્રિયામાં ભાગીદાર થવા મળે તેનું આયોજન થવું જોઈએ. ડિજિટલ મતદાન, મીડિયા અને ચૂંટણી પ્રવૃત્તિઓનું સતત મોનિટરિંગ, તેમજ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ દ્વારા ભ્રષ્ટાચાર અને ખામીઓ પર નજર રાખીને શાસન વ્યવસ્થાને વધુ અસરકારક અને વિશ્વસનીય બનાવી શકાય.

**૯. નૈતિક નેતૃત્વ માટે તાલીમઃ** સમાજમાં નવા નેતૃત્વના વિકાસ માટે તાલીમી કાર્યક્રમો શરૂ કરવા જોઈએ જેમાં નૈતિક શાસન, સામાજિક ન્યાય અને જાહેર સેવા જેવા મૂલ્યોને કેન્દ્રસ્થાને રાખી સંપૂર્ણ અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવે. સફળ લોકચળવળોના અભ્યાસ અને તેમના મૂળમાં રહેલી વિચારધારાઓના અભ્યાસ થકી પ્રાપ્ત થતા બોધપાઠ અને સબકને નવા નેતૃત્વને શીખવવામાં આવે જેથી તેમનામાં ફરજશીલતા અને નૈતિક પ્રતિષ્ઠાના ગુણોની મહત્તા પ્રસ્થાપિત કરી શકાય જે તેમને ભવિષ્યમાં વધારે શ્રેષ્ઠ બનવા માટે તૈયાર કરે.

આ સુધારાઓને અમલમાં લાવવાથી ભારતીય લોકશાહી એક ભ્રષ્ટ અને ખામીયુક્ત ચૂંટણી પ્રણાલીની આસપાસ ફરતી રહેવાના બદલે ખરેખર તેના નાગરિકોની આશાઓ અને આકાંક્ષાઓનું પ્રતિબિંબ બનશે. આ સુધારાઓ આપણા સૌને સહભાગિતા, પરામર્શ અને જવાબદારીના મૂળભૂત તત્ત્વો પર આધારિત એક એવી શાસન વ્યવસ્થા તરફ લઈ જશે જે ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોને વરેલી હશે અને જેમાં દરેકના વિચાર અને વિમર્શને યોગ્ય સ્થાન હશે.

આ પ્રકારના ક્રાંતિકારી સુધારાઓ માટે જનતાને જાગૃત કરવી જરૂરી છે, જેના માટે એવી સ્થાનિક અને જમીની સ્તરની લોકચળવળો ઊભી કરવી પડશે કે જે લાંબા ગાળે અસરકારક પરિણામો આપી શકે. આવી ચળવળો થકી સમાજમાં નવા વિચારને સામાન્યજનના વિચારપ્રવાહમાં સાદી અને સમજી શકાય તેવી ભાષામાં પ્રસ્થાપિત કરવાના વિવિધ કામો કરવામાં આવે જે માટે આ ચળવળો આર્થિક અને માનવ સંશાધનની રીતે પણ સમૃધ્ધ બને તેવું આયોજન જરૂરી છે. શિક્ષણ, સંવાદ અને સામાજિક સ્તરે સમજદારીપૂર્ણ ચર્ચાઓ, ઉપદેશ અને વારંવારના સ્મરણ દ્વારા નાગરિકોમાં ધીમે ધીમે ઊંડી સમજ ઊભી કરી શકાય છે અને ધીમે ધીમે એક નવી શાસન વ્યવસ્થા કે જેમાં સાચા અર્થમાં જનભાગીદારી સુનિશ્ચિત થઈ શકે તેવું વાતાવરણ તૈયાર થઈ શકે છે.

આ લોકપ્રિય ચળવળોનું બીજું એક મહત્ત્વનું કામ એ હશે કે તે એવા નેતૃત્વને સમાજમાંથી ઓળખશે જેમાં ઈમાનદારી, અમાનતદારી, ન્યાય અને સેવા જેવા મૂલ્યો હોય અને આવા લોકો સમાજમાં આગળ આવે અને તેમના તરફ લોકો મીટ માંડે તેવું કરવું પણ આ જ ચળવળોની જવાબદારી હશે. યોગ્ય નેતૃત્વની એક ખેપ તૈયાર થાય એ ઈચ્છિત પરિવર્તન માટે સૌથી મહત્ત્વનું પરિબળ છે અને તેથી જ આ કામ પણ એટલું જ જરૂરી બની જાય છે.

સિવિલ સોસાયટીઓ, ધાર્મિક સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓ વચ્ચે સહકાર આ પ્રયાસોને વધુ અસરકારક બનાવી શકે છે. સંવાદ અને સામૂહિક કાર્યો માટે પ્લેટફોર્મ ઊભા કરીને આવી લોકચળવળો સુધાર અને પરિવર્તનના શક્તિશાળી સાધનો બની શકે છે.

સમૃદ્ધ અને શાંતિપૂર્ણ ભારત માટે એકમાત્ર માર્ગ એ છે કે ભારતની લોકશાહી પોતાની આજની મર્યાદાઓથી ઉપર ઊઠી એક આદર્શ વ્યવસ્થા તરફ પ્રયાણ કરે અને જ્યાં શામ, દામ અને દંડ એમ બધું જાયજ સમજવાવાળા નેતાઓને કોઈ સ્થાન પ્રાપ્ત ના હોય પરંતુ સત્યનિષ્ઠ, સમજદાર અને સારા લોકો સમાજ અને દેશની આગેવાની કરતા હોય. આપણે એક એવા સમયની કલ્પના કરીએ જ્યાં નેતૃત્વ કુર્આન દ્વારા નિર્દિષ્ટ ન્યાય અને સમાનતાના સિદ્ધાંતોનું પ્રતિબિંબ હોય.

**હઝરત મુહમ્મદ ﷺ ફરમાવ્યું છેઃ**
**"કોમનો નેતા તેનો સેવક હોય છે."**

આ જ છે નેતૃત્વનો સાર — સેવા, જવાબદારી અને ન્યાય માટે સમર્પિત દૃષ્ટિકોણ.

ચાલો આપણે આપણી જાતને અને ભારતના સર્વે લોકોને એક પ્રશ્ન કરીએ, "શું હજુ પણ આપણે આપણું ભવિષ્ય આવી જ ભ્રષ્ટ અને ક્ષતિયુક્ત લોકશાહી વ્યવસ્થાના હાથમાં સોંપી શકીએ છીએ ?"

હજુ પણ આપણે એ દાવો કરી શકીએ છીએ કે આપણી લોકશાહી આજની પરિસ્થિતિમાં દરેકનો અવાજ બનીને કામ કરી રહી છે?

જો આજે નહીં, તો હજુ ક્યારે? જો આપણે નહીં કરીએ, તો કોણ કરશે?

આ માત્ર એક કલ્પના નથી — પણ એક પોકાર છે. આ નૈતિક શાસન શૈલી એ આપણી બીમાર લોકશાહીનો અકસીર ઈલાજ છે. જો આપણે આવું શાસન સ્વીકારી લઈએ — જે નૈતિકતા, ન્યાય અને સમાનતાના મૂલ્યો પર આધારિત હોય — તો આપણે એવો સમાજ ઘડી શકીએ જે દરેક માટે ન્યાયપૂર્ણ અને લાભદાયક હોય — **જ્યાં શાસન સ્પર્ધા નહીં પણ એક અમાનત હોય**

ચાલો ! એક પહેલ કરીએ — આવી શ્રેષ્ઠ લોકશાહી તરફ પહેલું પગથિયું માંડીએ — અને આવનારી પેઢીને ઊડવા માટે એક નવું આકાશ આપીએ.

●●●

*(લેખક એમબીબીએસ ડોક્ટર છે. મોડાસામાં તેમની પોતાની પ્રાઈવેટ હોસ્પિટલ આવેલી છે. તેઓ 'યુવાસાથી' માસિકના ભૂતપૂર્વ તંત્રી પણ રહી ચૂક્યા છે.)*

# પરંપરા અને આધુનિકતા વચ્ચે એક સશક્ત સંતુલનના પક્ષકાર

મૌલાના અબુલ કલામ આઝાદ એક મહાન વિદ્વાન, વિચારક, લેખક, પત્રકાર, સ્વતંત્રતા સેનાની, હિંદુ-મુસ્લિમ એકતાના દૂત અને સ્વતંત્ર ભારતના પ્રથમ શિક્ષણ મંત્રી હતા. તેમનો જન્મદિવસ ૧૧ નવેમ્બરના રોજ સમગ્ર દેશમાં રાષ્ટ્રીય શિક્ષણ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. જો કે, ઘણા લોકો અનુભવે છે કે શાસક વર્ગ અને તેમના નીતિ-નિર્માતાઓ મૌલાના આઝાદને શ્રદ્ધાંજલિ તો આપે છે, પરંતુ તેમના સંદેશ અને મિશનને લાગુ કરવામાં વારંવાર નિષ્ફળ રહે છે.

સત્ય આ છે કે અગાઉની બિનસાંપ્રદાયિક સરકારોએ પણ મૌલાના આઝાદના વિચારો પર સંપૂર્ણપણે અમલ કર્યો ન હતો, પરંતુ વર્તમાન હિંદુત્વની સરકારો તેમના વિચારોને પહેલાં કરતાં પણ વધુ અવગણી રહી છે. આનું સૌથી મોટું ઉદાહરણ આ છે કે ભાજપ સરકારો શિક્ષણનું ઝડપથી ખાનગીકરણ કરી રહી છે અને શિક્ષણ બજેટમાં સતત ઘટાડો પણ કરી રહી છે.

મૌલાના આઝાદે શિક્ષણને ક્યારેય બજારમાં વેચાતી વસ્તુ માન્યું ન હતું. તેમના મતે, શિક્ષણ સમાજને બહેતર બનાવવા અને બિનસાંપ્રદાયિક લોકશાહીના પાયાને મજબૂત કરવામાં એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. પરંતુ આજના નીતિ-નિર્માતાઓ શિક્ષણને ફક્ત તિજોરી ભરવા અને સાંપ્રદાયિક વિચારધારાને પ્રોત્સાહન આપવાનું સાધન માને છે.

ઉદાહરણ તરીકે, દેશમાં શિક્ષણ મંત્રીની પસંદગી જુઓ. આના પરથી સત્તાધારી વર્ગની પ્રાથમિકતાઓમાં આવેલા મોટા ફેરફારનો અંદાજ લગાવી શકાય છે. એક સમય હતો જ્યારે મૌલાના અબુલ કલામ આઝાદ, હુમાયુ કબીર અને પ્રોફેસર એસ. નૂરુલ હસન જેવા મહાન વિદ્વાનોએ શિક્ષણ મંત્રી તરીકે કાર્ય કર્યું, જેમણે દેશના શિક્ષણ મંત્રાલયને પ્રતિષ્ઠા અપાવી. પરંતુ હવે સ્થિતિ એટલી બગડી ગઈ છે કે હાલના શિક્ષણ મંત્રીઓની પોતાની શૈક્ષણિક લાયકાત પર પણ સવાલો ઊભા થઈ રહ્યા છે.



છેલ્લા કેટલાક વર્ષોમાં શિક્ષણ મંત્રાલય, બિનસાંપ્રદાયિક મૂલ્યોનું પાલન કરવાને બદલે, ઝડપથી રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ (RSS)ના એજન્ડાને લાગુ કરવાની દિશામાં આગળ વધી રહ્યો છે.

અભ્યાસક્રમમાં "રાષ્ટ્રીય" (હિંદુ) નાયકોને સામેલ કરવા અને "રાષ્ટ્રીયતા" તથા "દેશભક્તિ"ની ભાવના ભરવાના નામે લઘુમતીઓ અને વંચિત વર્ગોના ઈતિહાસ અને યોગદાનની અવગણના કરવામાં આવી રહી છે. આ પડકારજનક સમયમાં મૌલાના આઝાદનું શિક્ષણ-દર્શન પહેલાં કરતાં પણ વધુ પ્રસ્તુત બન્યું છે.

જાન્યુઆરી ૧૯૪૭માં વચગાળાની સરકારમાં સામેલ થવાથી લઈને તેમના મૃત્યુ સુધી, મૌલાના આઝાદે કેન્દ્રીય મંત્રી તરીકે દેશમાં જાહેર શિક્ષણનો કાર્યભાર સંભાળ્યો. જ્યાં પંડિત નેહરુના કાર્યકાળમાં મુખ્ય શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપનાનો શ્રેય તેમને આપવામાં આવે છે, ત્યાં પાયાના શિક્ષણ પર ધ્યાન ન આપવા બદલ તેમની ટીકા પણ થાય છે.

નેહરુના સમયમાં બહુજન વર્ગો, ખાસ કરીને પછાત જાતિઓની ભાગીદારી વધારવા માટે પણ કોઈ મહત્ત્વપૂર્ણ પ્રયાસ થયો ન હતો.

શિક્ષણ મંત્રી તરીકે મૌલાના આઝાદની સફળતાઓ અને પડકારો પર નિષ્પક્ષ ચર્ચા થવી જોઈએ, પરંતુ કોઈ પણ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં એ સમજવું જરૂરી છે કે મૌલાના આઝાદ સવર્ણ-લોબીના નેતૃત્વવાળી કોંગ્રેસ સરકારના પહેલેથી જ નક્કી કરેલા 'ફ્રેમવર્ક' માંથી બહાર નીકળી શક્યા ન હતા.

આમ છતાં, મૌલાના આઝાદના વ્યક્તિગત પ્રયાસોને અવગણી શકાય નહીં. આ જ કારણ છે કે મૌલાના




**ભારતની સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતા અને વિદ્યાર્થીઓની પ્રતિભા સોના-ચાંદી કરતાં પણ વધુ મૂલ્યવાન છે, અને જો તેમને યોગ્ય તકો પૂરી પાડવામાં આવે તો ભારત જ્ઞાનના ક્ષેત્રમાં ઘણો આગળ વધી શકે છે. ધાર્મિક અને રાષ્ટ્રીય ઓળખ એકબીજાના વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે. શૈક્ષણિક નીતિનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સહિયારી સંસ્કૃતિને મજબૂત કરવાનો હોવો જોઈએ.**

આઝાદની સેવાઓ, કોંગ્રેસકાળના અન્ય શિક્ષણ મંત્રીઓની સરખામણીમાં વધુ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

આનું મુખ્ય કારણ એ છે કે મૌલાના આઝાદ પોતે રાષ્ટ્રીય આંદોલન સાથે જોડાયેલા નેતા હતા, જેમણે અંગ્રેજી શાસનના કડવા અનુભવોમાંથી પસાર થઈને નવા ભારતના નિર્માણનું સ્વપ્ન જોયું અને તેને સાકાર કરવાની દિશામાં પ્રયાસ કરી રહ્યા હતા.

મૌલાના આઝાદના શિક્ષણ દર્શન પર ઘણી સામગ્રી ઉપલબ્ધ છે, પરંતુ ૧૮ ફેબ્રુઆરી ૧૯૪૭ ના રોજ તેમની પ્રેસ કોન્ફરન્સમાં કહેવાયેલી વાતો વિશેષ મહત્ત્વ ધરાવે છે. આ પ્રેસ કોન્ફરન્સમાં મૌલાના આઝાદે સ્પષ્ટ કર્યું હતું કે કોઈ વ્યક્તિમાં 'ગુણવત્તા'નું નિર્માણ કયા પ્રકારનું શિક્ષણ આપવામાં આવી રહ્યું છે તેના પર નિર્ભર કરે છે, અને શિક્ષણનું મહત્ત્વ અન્ય પરિબળો કરતાં ઘણું વધારે છે.

તેમના મતે, એક ઉદાર અને માનવતાવાદી શિક્ષણ સમાજની માનસિકતામાં પરિવર્તન લાવી શકે છે અને તેને વિકાસ અને સમૃદ્ધિની દિશામાં લઈ જઈ શકે છે. જો કે, તેમણે ચેતવણી આપી હતી કે એક ખામીયુક્ત અથવા અવૈજ્ઞાનિક શિક્ષણ પ્રણાલી તે બધી આશાઓને સમાપ્ત કરી શકે છે જે

સ્વતંત્રતા સંગ્રામ દરમિયાન દેશના અગ્રણીઓએ સેવી હતી.

મૌલાના આઝાદ સારી રીતે જાણતા હતા કે રાષ્ટ્ર-નિર્માણમાં બિનસાંપ્રદાયિક અને લોકશાહી જાહેર શિક્ષણનું ઘણું મહત્ત્વ છે. તેમનું માનવું હતું કે નાગરિકોને ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ પ્રદાન કરવું એ રાજ્યની જવાબદારી છે. આ જ કારણોસર તેમણે સ્પષ્ટ કહ્યું કે રાષ્ટ્રીય બજેટમાં શિક્ષણને પ્રથમ પ્રાથમિકતા આપવી જોઈએ અને ભોજન તથા વસ્ત્ર પછી તેનું સ્થાન છે.

સમાજવાદીઓની લાંબા સમયથી એ માંગ રહી છે કે રાષ્ટ્રીય બજેટનો દસમો ભાગ શિક્ષણ પર ખર્ચ કરવામાં આવે. આ વિડંબના જ છે કે ભારત, જે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, તે પોતાની સરખામણીમાં નાની અર્થવ્યવસ્થાઓ કરતાં પણ ઓછો સાર્વજનિક શિક્ષણ પર ખર્ચ કરે છે.

ભારતની સામાજિક અને સાંસ્કૃતિક વિવિધતા અને વિદ્યાર્થીઓની પ્રતિભા સોના-ચાંદી કરતાં પણ વધુ મૂલ્યવાન છે, અને જો તેમને યોગ્ય તકો આપવામાં આવે તો ભારત જ્ઞાનના ક્ષેત્રમાં ખૂબ આગળ વધી શકે છે. પરંતુ દુર્ભાગ્યવશ, આજના નેતાઓમાં આવી વિચારસરણીનો અભાવ છે. તેઓ ફક્ત મત મેળવવા માટે લોકોને ધાર્મિક આધારે વિભાજિત કરવામાં લાગેલા છે.

મૌલાના આઝાદ ભારતની બિનસાંપ્રદાયિક અને ગંગા-જમની સંસ્કૃતિના એક મહાન પ્રતીક હતા. તેઓ અંગ્રેજી શિક્ષણ, વિજ્ઞાન અને આધુનિક તકનીકના મહત્ત્વથી સંપૂર્ણપણે પરિચિત હતા. સાથે જ, તેઓ આ વિચારના સમર્થક હતા કે પ્રારંભિક શિક્ષણ માતૃભાષામાં આપવું જોઈએ.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે ૧૦મા ધોરણ સુધી માતૃભાષામાં શિક્ષણ પ્રદાન કરવાનો અનુભવ સફળ રહ્યો છે, જેને હવે ઉચ્ચ સ્તરે પણ અપનાવવો જોઈએ. પરંતુ આજે શાસક વર્ગ રાષ્ટ્રીય ભાષાઓ અને બોલીઓને હીન દૃષ્ટિથી જુએ છે.

મૌલાના આઝાદ સારી રીતે સમજતા હતા કે શિક્ષણ ક્ષેત્રની ઉપેક્ષા થઈ રહી છે, અને આ જ કારણે તેઓ તેમાં સુધારો કરવા માંગતા હતા. તેમની શૈક્ષણિક વિચારસરણીમાં પરંપરા અને આધુનિકતા વચ્ચે એક સશક્ત સંતુલન છે. તેમણે પરંપરા, સંસ્કૃતિ, વારસો અને આધુનિક બિનસાંપ્રદાયિક વિચારો વચ્ચે તાલમેલ બેસાડવાની હિમાયત કરી.

તેમનું માનવું હતું કે ભારતીયોએ પોતાની ધાર્મિક માન્યતાઓનું પાલન કરવું જોઈએ, પરંતુ સાથે જ તેમને અન્ય ધર્મોના અનુયાયીઓની આસ્થાનું પણ સન્માન કરવું જોઈએ, જેથી સામૂહિક રીતે રાષ્ટ્રીય એકતાને મજબૂત કરી શકાય. તેમના મતે, ધાર્મિક અને રાષ્ટ્રીય ઓળખ પરસ્પર વિરોધી નથી, પરંતુ એકબીજાના પૂરક છે. આથી, તેમનું માનવું હતું કે હિંદુ અને મુસલમાનો બંનેએ દેવનાગરી અને ઉર્દૂ લિપિઓ શીખવી જોઈએ. તેમની શૈક્ષણિક નીતિનો ઉદ્દેશ્ય રાષ્ટ્રની સહિયારી સંસ્કૃતિને સુદૃઢ કરવાનો હતો.

મૌલાના આઝાદ પ્રાકૃતિક વિજ્ઞાન, કલા, હ્યુમીનીટીઝ, દર્શન અને સામાજિક વિજ્ઞાનમાં પાયાના સંશોધનને દરેક રીતે પ્રોત્સાહન આપવા માંગતા હતા. આજના સમયમાં, જ્યાં ઝડપી સંશોધનનું સ્થાન નફો કમાવવાની વૃત્તિએ લઈ લીધું છે, ત્યાં મૌલાના આઝાદનો દૃષ્ટિકોણ એક પ્રેરણા સ્રોત છે.

મૌલાના આઝાદે ઇતિહાસની ઊંડી સમજણ માટે એક રાષ્ટ્રીય સંગ્રહાલયની સ્થાપના પર ભાર મૂક્યો અને પુરાતત્વીય સંશોધનને પ્રોત્સાહિત કર્યું, જેથી ઇતિહાસકાર ફક્ત 'ટેક્સ્ટ'ના આધારે ઇતિહાસ ન લખે.

સાર એ જ છે કે આપણે વિભાજનકારી અને સાંપ્રદાયિક શિક્ષણ પ્રણાલીને નિષ્ફળ બનાવવા માટે ફક્ત મૌલાના આઝાદને સાચા દિલથી માત્ર યાદ કરીએ એટલું જ નહીં, બલ્કે તેમના બતાવેલા માર્ગ પર પણ ચાલવું પડશે.

•••

## વાચકો જોગ સૂચના

**પ્રિય ગ્રાહકો**

- ★ **''યુવાસાથી'' માસિક દર મહિનાની ૩જી તારીખે પોસ્ટ કરવામાં આવે છે. જો તે મહિનાની ૧૦ તારીખ સુધી આપને ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસમાં તપાસ કરવા અમારા વ્હાલા વાચક મિત્રોને વિનંતી છે.**
- ★ **''યુવાસાથી'' માસિકનું લવાજમ પૂરૂં થઈ ગયું હોય તો તેમને નમ્ર વિનંતી છે કે તેઓ ઓફિસના સરનામે મનીઓર્ડર અથવા ચેકથી કે પછી ઓનલાઈન Google Pay, Phone Pe વિ.થી પણ લવાજમ મોકલી આપે.**
- ★ **પોસ્ટમેન નિયમિત ડિલિવરી કરતા ન હોવાથી વાચકોને કોપીઓ નિયમિત મળતી નથી. તેથી જે વાચક મિત્રો ''યુવાસાથી'' કુરિયરથી મંગાવવા ઇચ્છતા હોય તો તેમણે લવાજમની રકમ રૂ. ૩૦૦ ઉપરાંત રૂ. ૧૮૦ વધારે આપવા.**

**• મેનેજર, ''યુવાસાથી'' ગુજરાતી માસિક**

# ગોદી મીડિયા : તેની કમાણી અને પ્રભાવ પર એક નજર

આશરે ૧૫૦ વર્ષ પહેલાં, અખબારો જ સમાચારનો એકમાત્ર સ્ત્રોત હતા. પછી રેડિયો આવ્યો, અને ૧૯૨૭માં ટેલિવિઝન આવ્યું. દાયકાઓ સુધી, પત્રકારત્વ અને ટેલિવિઝન માહિતીના પ્રાથમિક સ્ત્રોત રહ્યા. જો કે, છેલ્લા ૧૦-૧૫ વર્ષમાં, સોશિયલ મીડિયા આ ક્ષેત્રમાં એક મજબૂત ખેલાડી તરીકે ઊભરી આવ્યું છે. તેમ છતાં, ભારતમાં, પહોંચ અને પ્રભાવની દૃષ્ટિએ પ્રિન્ટ મીડિયા અને ટેલિવિઝન હજુ પણ પ્રભુત્વ ધરાવે છે. દરરોજ સાંજે, લાખો લોકો પ્રાઈમટાઇમ સમાચાર, ફિલ્મો અને મનોરંજન કાર્યક્રમો જોવા માટે ટીવી ચાલુ કરે છે - આ હવે દૈનિક દિનચર્યા બની ગઈ છે.

અખબારો અને ટીવી ચેનલો માટે આવકનો મુખ્ય સ્ત્રોત જાહેરાતો છે, અને આમાં, સરકારી જાહેરાતો નિર્ણાયક ભૂમિકા ભજવે છે. વાસ્તવમાં, રૂ.૫-માં વેચાતા અખબારને છાપવામાં રૂ.૨૫-રૂ. ૩૦-નો ખર્ચ થઈ શકે છે, અને આ અંતર જાહેરાતની આવક દ્વારા ભરવામાં આવે છે. જો કોઈ મીડિયા હાઉસને સરકારી જાહેરાતો મળતી બંધ



થઈ જાય, તો તેનું અસ્તિત્વ આર્થિક રીતે મુશ્કેલ બની જાય છે. આ જ કારણ છે કે મોટાભાગના મીડિયા આઉટલેટ્સ સરકાર વિરુદ્ધ બોલવામાં ખચકાય છે.

ટીઆરપી (ટેલિવિઝન રેટિંગ પોઇન્ટ્સ) વધારવાની સ્પર્ધામાં, ટીવી ચેનલો ઘણીવાર સનસનાટીભર્યા અને બનાવટી સમાચારોનો આશરો લે છે. તાજેતરનો ભારત-પાકિસ્તાન તણાવ તેનું ઉત્તમ ઉદાહરણ છે. ઘણી ચેનલોએ ખોટા સમાચાર ફેલાવ્યા, જેમ કે ભારતીય દળોએ પાકિસ્તાની શહેરો પર કબજો કર્યો અથવા પાકિસ્તાની નેતાઓ ભાગી ગયા. આવી અતિશયોક્તિભરી વાર્તાઓનો હેતુ પત્રકારત્વની જવાબદારી નથી - તે ધ્યાન ખેંચવાનો અને જાહેરાતો દ્વારા પૈસા કમાવવાનો છે. વધુ viewership એટલે વધુ જાહેરાતની આવક, જેનો અર્થ મીડિયા માલિકો અને સેલિબ્રિટી એન્કરો માટે વધુ નફો. પરિણામે, એક એવી સિસ્ટમ વિકસિત થઈ છે જ્યાં ગંભીર, તથ્ય-આધારિત પત્રકારત્વને ઘણીવાર અવગણવામાં આવે છે.

૨૦૧૪ પહેલાં, મીડિયાને સરકારની ટીકા કરવાની ચોક્કસ સ્વતંત્રતા હતી. ત્યારથી, જો કે, તે મોટાભાગે શાસક સત્તાધીશોનું મુખપત્ર બની ગયું છે. આજનું મીડિયા ભાગ્યે જ સરકાર સામે સવાલ ઉઠાવે છે અથવા જાહેર મુદ્દાઓને પ્રકાશિત કરે છે. તેના બદલે, તે વિપક્ષ, ખાસ કરીને રાહુલ ગાંધી પર હુમલો કરે છે, અને બધું ભૂતકાળની સરકારો, ખાસ કરીને નેહરુની, પર દોષારોપણ કરે છે. મીડિયાએ બેરોજગારી, ખેડૂતોની આત્મહત્યા, શિક્ષિત યુવાનોને નોકરીઓ ન મળવી, અને વાસ્તવિક જાહેર ફરિયાદોને સંબોધવી જોઈએ. તેના બદલે, આજનું "ગોદી મીડિયા" (સરકાર તરફી મીડિયા માટે વપરાતો શબ્દ) સરકારની પ્રશંસા કરવામાં અને જનતાને ગેરમાર્ગે દોરવામાં વ્યસ્ત છે.

**સૌથી શ્રેષ્ઠ ઉપાય એ છે કે ગોદી મીડિયા જોવાનું સંપૂર્ણપણે બંધ કરવું. જેટલા ઓછા લોકો જોશે, તેટલી જ આ ચેનલોને તેમનો અભિગમ ફરીથી વિચારવા માટે મજબૂર થવું પડી શકે છે. વાસ્તવિક સમાચાર માટે, લોકો સ્વતંત્ર YouTube ચેનલો અથવા X (પહેલાં Twitter) જેવા સોશિયલ પ્લેટફોર્મ્સ તરફ વળી શકે છે. X પર, યુઝર્સ Grok જેવા ટૂલ્સનો ઉપયોગ કરીને હેડલાઇન્સ પાછળની સત્યતા પણ ચકાસી શકે છે.**

ચાલો વ્યાપારિક પાસા પર નજીકથી નજર કરીએ. ૨૦૨૩માં, ભારતના ટેલિવિઝન ઉદ્યોગે જાહેરાતો અને સબ્સ્ક્રિપ્શન્સ દ્વારા લગભગ રૂા. ૬૯૬ બિલિયન (આશરે $૮.૪ બિલિયન) કમાણી કરી. પરંતુ ટીવી જાહેરાતોમાં વાર્ષિક ધોરણે ૬%નો ઘટાડો થયો, અને સબસ્ક્રિપ્શનની આવકમાં માત્ર ૨%નો વધારો થયો. આ દરમિયાન, ડિજિટલ મીડિયા આગળ વધ્યું, અને ૨૦૨૪માં કુલ મીડિયા આવકનો ૩૨% હિસ્સો મેળવ્યો. આ દર્શાવે છે કે દર્શકો કેટલી ઝડપથી ઓનલાઈન પ્લેટફોર્મ્સ પર સ્થાનાંતરિત થઈ રહ્યા છે.

ટીવી ચેનલો મુખ્યત્વે જાહેરાતો, સબ્સ્ક્રિપ્શન્સ, અને ક્યારેક સરકારી કે આંતરરાષ્ટ્રીય ભંડોળ દ્વારા કમાણી કરે છે. પરંતુ હવે, ઈન્ટરનેટ પ્લેટફોર્મ્સે જાહેરાતની આવકમાં ટીવીને પાછળ છોડી દીધા છે. ડિજિટલ જાહેરાતો ૨૦૨૪માં ૧૭% વધી અને લગભગ રૂ.l ૭૦૦ બિલિયન સુધી પહોંચી - જે ભારતના કુલ જાહેરાત બજારનો ૫૫% હિસ્સો બને છે. ઈન્ટરનેટથી જોડાયેલા સ્માર્ટ ટીવી પણ સામાન્ય બની રહ્યા છે, જે ૨૦૨૩માં ૨૩ મિલિયન ઘરોથી વધીને ૨૦૨૪માં ૩૦ મિલિયન થયા છે.

આ ફેરફારો છતાં, ચાલો ભારતમાં ટોચના ૧૦ સૌથી વધુ કમાણી કરતા મીડિયા હાઉસની તપાસ કરીએ:

ડિઝની-સ્ટાર — સ્ટાર પ્લસ, સ્ટાર સ્પોર્ટ્સ, અને પ્રાદેશિક ચેનલોનો સમાવેશ થાય છે. ૨૦૨૨માં આશરે રૂા. ૧૪,૩૫૦ કરોડની કમાણી કરી.

સોની-ઝી — મર્જર પછી, આ ગ્રુપે રૂા. ૧૫,૦૫૬ કરોડની આવક સાથે નેતૃત્વ કર્યું, જેમાં ઝી ટીવી, સોની એન્ટરટેઈનમેન્ટ, સોની સબ, અને અન્યનો સમાવેશ થાય છે.

સન નેટવર્ક — સન ટીવી અને સૂર્ય ટીવી જેવી ચેનલો સાથે દક્ષિણ ભારતમાં પ્રભુત્વ ધરાવે છે. આવકઃ રૂા. ૩,૫૦૪ કરોડ.

ટાઈમ્સ ગ્રુપ — ટાઈમ્સ નાઉ, ઈટી નાઉ, વગેરેની માલિકી ધરાવે છે. આશરે રૂા. ૮,૦૦૦ કરોડની કમાણી કરી.

વાયાકોમ૧૮ – કલર્સ, એમટીવી, અને નિકેલોડિયનનું સંચાલન કરે છે. આવક રૂા. ૫,૦૦૦–૭,૦૦૦ કરોડની વચ્ચે અંદાજિત છે.

રિલાયન્સ જિયો – વાયાકોમ૧૮ અને જિયોસિનેમા સાથેની ભાગીદારી દ્વારા, તે હવે આશરે રૂા. ૭,૦૦૦ કરોડની કમાણી સાથે એક ઊભરતી મીડિયા શક્તિ છે.

ટાટા પ્લે – રૂા. ૪,૭૪૧ કરોડની કમાણી કરી.

એરટેલ ડીટીએચ – આશરે રૂા. ૪,૦૦૦ કરોડની કમાણી કરી. બંને જાહેરાતો કરતાં સબ્સ્ક્રિપ્શન્સ પર વધુ આધાર રાખે છે.

ડીબી કોર્પ – મુખ્યત્વે પ્રિન્ટ મીડિયા હાઉસ છે જેમાં કેટલીક ન્યૂઝ ચેનલો પણ છે. આવકઃ આશરે રૂા. ૨,૦૦૦ કરોડ.

ઈરોસ ઈન્ટરનેશનલ – ફિલ્મો અને ઓટીટી કન્ટેન્ટ પર કેન્દ્રિત, ટીવીમાં મર્યાદિત હાજરી. આવકઃ રૂા.૧,૫૦૦–૨,૦૦૦ કરોડ. (જો કોઈ આંકડા અચોક્કસ હોય, તો સંબંધિત મીડિયા હાઉસ આ મેગેઝિનને લેખિતમાં સુધારા મોકલી શકે છે)

સ્પષ્ટપણે, ગોદી મીડિયા ન્યૂનતમ પ્રયત્નોથી જબરદસ્ત નફો કમાય છે. તેમને ફક્ત સમાચારોને મસાલેદાર બનાવવાની, polarizing હિંદુ-મુસ્લિમ વિવાદો યોજવાની, અર્થહીન ટોક શો ચલાવવાની, અને બનાવટી સમાચાર ફેલાવવાની જરૂર છે જેથી મોટી કમાણી કરી શકાય. એક દાયકાથી વધુ સમયથી, હિંદી અખબારો અને સરકાર તરફી મીડિયા મુસ્લિમો વિરુદ્ધ સક્રિયપણે નફરત ફેલાવી રહ્યા છે, જેનાથી સાંપ્રદાયિક ભાગલા વધુ ઊંડા બન્યા છે. આ નફરતને ચૂંટણી દરમિયાન મુસ્લિમોને બદનામ કરવા માટે હથિયાર બનાવવામાં આવે છે. તે ઘર તોડી પાડવા જેવી વહીવટી હિંસાને વેગ આપે છે, જેને “યોગીનું બુલડોઝર એક્શન” તરીકે ગર્વથી પ્રસારિત કરવામાં આવે છે. આવી હેડલાઈન્સ નિયમિત બની ગઈ છે. આ નફરત-આધારિત કથા મોબ લિંચિંગ તરફ પણ દોરી જાય છે, જ્યાં મુસ્લિમોને મારી નાખવામાં આવે છે, તેમના વીડિયો ગર્વથી ઑનલાઈન શેર કરવામાં આવે છે, જાણે યુદ્ધના મેદાનમાંથી એક ટ્રોફી હોય. ગોદી મીડિયાએ નફા માટે નફરતનું ઔદ્યોગિકીકરણ કર્યું છે.

ભારતનો ટીવી ઉદ્યોગ એક મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યો છે. જ્યારે ટેલિવિઝન હજુ પણ લાખો ઘરોમાં એક મુખ્ય સ્થાન ધરાવે છે, ત્યારે દર્શકોની પસંદગી ઝડપથી ડિજિટલ પ્લેટફોર્મ્સ તરફ બદલાઈ રહી છે. આવનારા વર્ષોમાં, ટીવી માટે જાહેરાતની આવક પર વધુ દબાણ આવવાની અપેક્ષા છે. તેમ છતાં, સ્પોર્ટ્સ બ્રોડકાસ્ટિંગ, પ્રાદેશિક કન્ટેન્ટ, અને સબ્સ્ક્રિપ્શન મોડેલ ટીવીને થોડો સમય ટકી રહેવામાં મદદ કરી શકે છે. પરંતુ ટીઆરપીની રેસે મીડિયાને ખતરનાક પ્રદેશમાં ધકેલી દીધી છે - જૂઠ ફેલાવવું, ભાગલા પાડવા, અને જવાબદારી ટાળવી. બનાવટી સમાચારો સામે ભાગ્યે જ કોઈ કાયદાકીય કાર્યવાહી થાય છે.

**તો લોકો શું કરી શકે?**

સૌથી શ્રેષ્ઠ ઉપાય એ છે કે ગોદી મીડિયા જોવાનું સંપૂર્ણપણે બંધ કરવું. જેટલા ઓછા લોકો જોશે, તેટલી જ આ ચેનલોને તેમનો અભિગમ ફરીથી વિચારવા માટે મજબૂર થવું પડી શકે છે. વાસ્તવિક સમાચાર માટે, લોકો સ્વતંત્ર YouTube ચેનલો અથવા X (પહેલાં Twitter) જેવા સોશિયલ પ્લેટફોર્મ્સ તરફ વળી શકે છે. X પર, યુઝર્સ Grok જેવા ટૂલ્સનો ઉપયોગ કરીને હેડલાઈન્સ પાછળની સત્યતા પણ ચકાસી શકે છે.

યાદ રાખોઃ જ્યાં સુધી જનતા આ ટીવી ચેનલોને જોશે અને તેના પર વિશ્વાસ કરશે, ત્યાં સુધી ગોદી મીડિયા નફો કમાતું રહેશે અને નફરત ફેલાવતું રહેશે. •••

(લેખક “વેલ્ફેર પાર્ટી ઓફ ઈન્ડિયા” સાથે સંકળાયેલા છે.)


Reg.No. A-7183

Google Reviews 4.8 ★★★★★ Top Rated Dental Clinic

Dr. Saba Baloch
B.D.S.
(Dental Surgeon)

Dr. Saba Dental Clinic
Multi Speciality Family Dental Care

:: Our Specialties ::
Dental Implants Surgery | Cosmetic Dentistry | Tooth Reshaping & Contouring | Cosmetic Gum Surgery | Veneers | Single sitting root canal | Tooth Whitening Treatment | Dental Crown and Bridge | Prosthesis Tooth Cleaning | Tooth Jewellery | Inlays and Onlays | Extractions | Tooth Coloured Restoration

:: Facilities ::
Equipped with latest equipment | Digital X Ray | Endosonic Apex Locator | Wave one rotary system | Imported Dental Chair

Timings : Morning 10:30am-2pm | Evening 4pm-8pm
Available on Emergency Trauma Cases +91 99983 60503

Al-Arsh I, Nr. Bank of India, Gulzar Park, Sarkhej Road, Ahmedabad – 55
Email: drsabadentalclinic@gmail.com | Website: www.sabadentalclinic.com

# જેલમાં રહી આશાનું સિંચન કરવું એ એક જોખમી કામ

## ઉમર ખાલિદનો તિહાર જેલમાંથી પત્ર

### ઉમર ખાલિદને દોસ્તોયેવ્સ્કીના જેલના સંસ્મરણોમાં શાંતિ મળે છે, જે કેદમાં આશા અને નિરાશાના વિષયોનું અન્વેષણ કરે છે.

મેં તાજેતરમાં વાંચનમાં પૂરી કરેલી એક કિતાબ છે ફ્યોદોર દોસ્તોયેવ્સ્કીની 'ધ હાઉસ ઓફ ધ ડેડ'. આ એક કાલ્પનિક વૃત્તાંત છે, પરંતુ તે ૧૯મી સદીના મધ્યમાં ઝારવાદી રશિયામાં તેમના કેદના વાસ્તવિક અનુભવો પર આધારિત છે.

આ પુસ્તક વાંચતી વખતે, મને સૌથી વિચિત્ર વિચાર એ આવ્યો કે, દુનિયા આટલી બધી રીતે બદલાઈ ગઈ હોવા છતાં, કેદના અનુભવોમાં કેટલો ઓછો ફેરફાર થયો છે. પુસ્તકમાં વર્ણવેલી ઘટનાઓને ૧૫૦ વર્ષથી વધુ સમય વીતી ગયો છે, અને તે દુનિયાના એક બીજા ભાગમાં ઘટિત છે, પરંતુ ઘણી જગ્યાએ મને લાગ્યું કે જાણે તે એવી ઘટનાઓનું વર્ણન કરી રહ્યા હતા જે હું અહીં તિહારમાં મારી આસપાસ જોઉં છું.

પુસ્તકમાં એક જગ્યાએ, તેઓ એક સાથી કેદીને ટાંકે છે જે કેદની સ્થિતિ વિશે વિચારે છે — "×આપણે જીવતા હોવા છતાં જીવંત નથી અને આપણે મરી ગયા હોવા છતાં આપણી કબરોમાં નથી."

મને યાદ છે કે મેં થોડા સમય પહેલાં



બાન (અનિરબાન ભટ્ટાચાર્ય) અને ડેઇઝીને કહ્યું હતું કે મારા સાત દિવસના વચગાળાના જામીન પછી જેલમાં પાછા ફરવું કેટલું અવાસ્તવિક હતું. મેં ખરેખર જેલને જીવંત લોકોના કબ્રસ્તાન તરીકે દર્શાવવા માટે બાઇબલની એક વાર્તાનો ઉલ્લેખ કર્યો હતો. રસપ્રદ વાત એ છે કે, ત્યારે મેં આ પુસ્તક વાંચ્યું ન હતું.

કેદ વિશે ખરેખર કંઈક એવું છે જે વ્યક્તિને જીવન અને મૃત્યુની વચ્ચેની સ્થિતિનો અનુભવ કરાવે છે. અને જો મેં તેને "જીવંત લોકોનું કબ્રસ્તાન" કહેવા માટે બાઇબલની વાર્તાનો ઉલ્લેખ કર્યો હતો, તો દોસ્તોયેવ્સ્કીએ તેમના વૃત્તાંતને 'ધ હાઉસ ઓફ ધ ડેડ' નામ આપ્યું.

થોડા દિવસોમાં મને અહીં લાવવામાં આવ્યો જેને પાંચ વર્ષ પૂરા થશે. ક્યારેક મને આશ્ચર્ય થાય છે કે હું આટલા લાંબા

સમય સુધી એક જ બંધ જગ્યામાં કેવી રીતે ટકી રહ્યો છું, અને આ સમયગાળા દરમિયાન મોટાભાગે અસ્વસ્થ નથી રહ્યો. હા, કેટલાક દિવસો એવા હતા જ્યારે હું ચીડિયો અને હતાશ હતો — અને કમનસીબે બુનો (બાનો જ્યોત્સ્ના લાહિરી) એવી વ્યક્તિ બની જેના પર મેં મારી ભડાસ કાઢી — પરંતુ આવા દિવસો બહુ ઓછા હતા. મોટાભાગે, હું આટલા સમયથી શાંતિમાં રહ્યો છું.

તેમના વૃત્તાંતની શરૂઆતમાં જ, દોસ્તોયેવ્સ્કી લખે છે કે જેલમાં વ્યક્તિને ધીરજ શીખવા માટે પૂરતો સમય મળે છે. પરંતુ મને નથી લાગતું કે હું આ ધીરજને બહારની દુનિયામાં લઈ જઈશ — એકવાર હું બહાર આવીશ, જ્યારે પણ તે હોય, હું મારા અશાંત સ્વભાવમાં પાછો ફરીશ. મને ગયા ડિસેમ્બરમાં બહાર વિતાવેલા તે ૭ દિવસોમાં આનો અહેસાસ થયો હતો.

તો પણ, હું આ જગ્યામાં આટલા લાંબા સમયથી ટકી રહ્યો છું અને તેના વિશે શાંત રહ્યો છું તેનું બીજું કારણ એ છે કે મેં સમય વિશે આટલા મોટા ભાગોમાં વિચાર્યું નથી. જો કે આખરે સ્પષ્ટ થઈ ગયું કે આ લાંબો સમયગાળો હશે, પરંતુ અહીં દિવસો જીવતી વખતે, હંમેશાં એક તાત્કાલિક તારીખ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હોય છે - જે સામાન્ય રીતે થોડા દિવસો, અથવા વધુમાં વધુ થોડા મહિના દૂર હોય છે — હું જુલાઈ ૨૦૨૧ થી ચાલી રહેલી જામીન સુનાવણી વિશે વાત કરી રહ્યો છું. ટૂંકા ગાળાની આ તારીખો આપણને કંઈક આગળ જોવા માટે, કંઈક જીવવા માટે, કંઈક સમય નક્કી કરવા માટે, અને કંઈક આશા રાખવા માટે આપે છે.

દોસ્તોયેવ્સ્કી કેદમાં આશા વિશે લખે છેઃ "જેલના મારા પહેલા દિવસથી જ મેં સ્વતંત્રતાના સપના જોવાનું શરૂ કર્યું. મારી જેલના દિવસો ક્યારે પૂરા થશે તેની હજારો જુદી જુદી રીતે ગણતરી કરવી એ મારો પ્રિય વ્યવસાય બની ગયો હતો. તે હંમેશાં મારા મગજમાં રહેતું, અને મને ખાતરી છે કે નિશ્ચિત સમયગાળા માટે સ્વતંત્રતાથી વંચિત રહેલ દરેક વ્યક્તિ સાથે આવું જ થાય છે. મને ખબર નથી કે બીજા કેદીઓ પણ મારા જેવું જ વિચારતા અને ગણતરી કરતા હતા કે નહીં, પરંતુ તેમની આશાઓની આશ્ચર્યજનક હિંમતથી હું શરૂઆતથી જ પ્રભાવિત થયો હતો.

સ્વતંત્રતાથી વંચિત કેદીની આશાઓ સામાન્ય જીવન જીવતા માણસની આશાઓ કરતાં તદ્દન અલગ હોય છે. એક મુક્ત માણસ અલબત્ત આશા રાખે છે (દાખલા તરીકે, નસીબ બદલાવવાની કે કોઈ કાર્યની સફળતાની), પરંતુ તે જીવે છે, તે કાર્ય કરે છે, તે જીવનની દુનિયામાં વ્યસ્ત રહે છે. કેદી માટે તે ખૂબ જ અલગ છે. તેના માટે પણ જીવન છે — ભલે તે જેલનું જીવન હોય — પરંતુ કેદી ભલે ગમે તે હોય અને તેની સજાનો સમયગાળો ગમે તેટલો હોય, તે સહજ રીતે પોતાના નસીબને સકારાત્મક, અંતિમ, વાસ્તવિક જીવનના ભાગ રૂપે સ્વીકારી શકતો નથી. દરેક કેદી અનુભવે છે કે તે, એક રીતે કહીએ તો, ઘરે નથી પણ મુલાકાત પર છે. તે વીસ વર્ષને જાણે બે વર્ષ હોય તેમ જુએ છે, અને તેને પૂરો વિશ્વાસ હોય છે કે જ્યારે તેને ૫૫ વર્ષની ઉંમરે મુક્ત કરવામાં આવશે — ત્યારે પણ તે અત્યારે ૩૫ વર્ષની ઉંમરે જેટલો જીવંત અને ઉત્સાહી છે તેટલો જ રહેશે."

પુસ્તકમાં પછીના એક તબક્કે, તે ફરી લખે છેઃ "કોઈ ધ્યેય અને તેને પ્રાપ્ત કરવાના પ્રયાસ વિના, કોઈ માણસ જીવી શકતો નથી. જ્યારે તે બધી આશા, જીવનના બધા ઉદ્દેશ્ય ગુમાવી દે છે, ત્યારે માણસ ઘણીવાર તેની દુર્દશામાં રાક્ષસ બની જાય છે. કેદીઓનો એકમાત્ર ઉદ્દેશ્ય સ્વતંત્રતા અને જેલમાંથી બહાર નીકળવાનો હતો."

હું કદાચ પહેલાં જેવો આશાવાદી રહ્યો નથી, જેમ કે મારા કેટલાક મિત્રોએ અનુભવ્યું છે. આ સાચું છે. પરંતુ મારો નિરાશાવાદ વર્તમાન રાજકીય પરિસ્થિતિના વાસ્તવિક મૂલ્યાંકન પર આધારિત છે.

અને મેં પહેલાં પણ કહ્યું છે તેમ, જેલમાં આશા રાખવી એ પણ જોખમી વ્યવસાય છે. તમે જેટલી ઊંચી આશા રાખો છો, તેટલી જ ઊંચાઈએથી તમે પછડાવ છો. સરળ શબ્દોમાં કહીએ તો, મને આશાથી ડર લાગે છે, તેથી હું આશાવાદી રહેવાનો પ્રયાસ કરતો નથી.

પરંતુ જ્યારે જેલમાં ટકી રહેવાની વૃત્તિની વાત આવે છે, ત્યારે હું તદ્દન અપવાદ છું. અહીં દરેક જણ અતિશય આશાવાદી છે, ભલે તેઓ ગમે તેટલી નિરાશાજનક પરિસ્થિતિમાં હોય. તે બરાબર એવો જ છે જેવો દોસ્તોયેવ્સ્કી ઉપર ટાંકેલી પંક્તિઓમાં કહે છેઃ તેઓ આશા રાખતા રહે છે, તેઓ પ્રાર્થના કરતા રહે છે અને ક્યારેક, તેમની આશાઓ અને પ્રયત્નો ફળ આપે છે.

ચાલો ! હું તમને આવી જ એક વાર્તા કહું.. હું એક કેદીને ઓળખું છું જે છેલ્લા ૨૯ વર્ષથી જેલમાં છે. તેને આજીવન કેદની સજા થયેલી છે — અને સામાન્ય આજીવન કેદ — જે મૂળભૂત રીતે ૧૪+ વર્ષની હોય છે — તેનાથી વિપરીત — તેની સજા સ્પષ્ટપણે જણાવે છે કે તેને કોઈ પણ પેરોલ વિના તેના છેલ્લા શ્વાસ સુધી જેલમાં રહેવાનું છે. કોર્ટે તેને ફાંસીની સજા આપી હતી, પરંતુ ઘણા વર્ષો સુધી મૃત્યુદંડની

કોટડીમાં રહ્યા પછી, તેને રાષ્ટ્રપતિની માફી દ્વારા ફાંસીના માંચડેથી બચાવી લેવામાં આવ્યો હતો. ફાંસી દ્વારા મૃત્યુને બદલે, તેને તેના કુદરતી મૃત્યુ સુધી જેલમાં રહેવાનું હતું.

અને ઉપર જણાવ્યા મુજબ, તેને ક્યારેય પેરોલ મળવાની ન હતી. તેથી તે જીવતો રહ્યો, પરંતુ આ જ્ઞાન સાથે કે તેના છેલ્લા શ્વાસ સુધી તેને જેલમાં જ રહેવાનું છે.

જ્યારે તે ૧૯૯૦ના દાયકાની શરૂઆતમાં જેલમાં આવ્યો ત્યારે તે ૨૦ના દાયકામાં હતો. હવે તે ૫૦ના દાયકામાં છે. જેલમાં, તે મોટે ભાગે પોતાની જાતમાં પરોવાયલો રહે છે. સવારે, તે તેના નક્કી કરેલ કસરતી કાર્ય માટે નીકળી જાય છે. સાંજે, તે કેટલાક અન્ય કેદીઓ સાથે એક કલાક કે તેથી વધુ સમય માટે બેડમિન્ટન રમે છે — તે જ એકમાત્ર સમય છે જ્યારે તમે તેને ઉત્સાહિત અને કેટલીક લાગણીઓ દર્શાવતો જોઈ શકો છો.

દિવસો, મહિનાઓ અને વર્ષો વીતતા ગયા, અને તે આ જ જીવન જીવી રહ્યો હતો, એ જાણવા છતાં કે તેનું બાકીનું જીવન પણ આમ જ વીતવાનું છે.

જેલમાં તેને મોટાભાગના કેદીઓ દ્વારા ખૂબ માન આપવામાં આવતું હતું — મુખ્યત્વે તેણે જેલમાં વિતાવેલા અઢળક સમયને કારણે, અને તે મોટાભાગે અલિપ્ત અને સંકોચાયેલો રહેતો હતો, કોઈના મામલામાં દખલ કરતો ન હતો. શરૂઆતના દિવસોમાં, મને આ શાંતિ ક્યાંથી આવતી હશે તે વિશે આશ્ચર્ય થતું હતું! શું તે તેના ગુનાઓની કોઈ સમજણનું પરિણામ હતું? શું તેને વર્ષો પહેલાં તેણે કરેલા કાર્યોનું પ્રાયશ્ચિત હતું? શું તેને લાગતું હતું કે તે જેમાંથી પસાર થઈ રહ્યો હતો તે તેના કાર્યોનું પરિણામ હતું? શું તેને લાગતું હતું કે તે કોઈ પ્રકારનું પ્રાયશ્ચિત કરી રહ્યો હતો? અથવા કદાચ તેને કોઈ પસ્તાવો જ ન'હોતો.

કહેવાની જરૂર નથી કે, મેં તેને ક્યારેય પૂછ્યું નહીં કે તેણે શું કર્યું અને તે વિશે તેને શું લાગતું હતું. જેલમાં આવા પ્રશ્નો પૂછવામાં આવતા નથી.

જેમ મેં કહ્યું તેમ, હું તેને દરરોજ તેની દિનચર્યા કરતો જોતો હતો. મને લાગતું હતું કે તેણે તેની બાકીની જિંદગી કેદમાં વિતાવવાનું સ્વીકારી લીધું છે. મને ક્યાં ખબર હતી કે તેણે પણ આશા છોડી નથી, અને તેના કેસમાં કાયદાકીય છટકબારી શોધીને, છેલ્લા કેટલાક વર્ષોથી રાહત મેળવવા માટે કેટલાક પ્રયાસો કરી રહ્યો હતો.

રાષ્ટ્રપતિની માફીમાં સ્પષ્ટપણે જણાવવામાં આવ્યું હતું કે તેને તેના છેલ્લા શ્વાસ સુધી પેરોલ વિના જેલમાં રહેવું પડશે, પરંતુ તેમાં તેને ફર્લોનો લાભ મળી શકે કે નહીં તે વિશે કંઈ કહેવામાં આવ્યું ન હતું.

ફર્લો અથવા જેલમાંથી રજા એ જેલ વિભાગ દ્વારા સ્થાપિત એક સિસ્ટમ છે, જેના હેઠળ દોષિત કેદીઓ — જો તેમની અપીલ હાઈકોર્ટમાં પડતર ન હોય, તેમની સજા હાઈકોર્ટ દ્વારા કાયમ રાખવામાં આવી હોય, અને તેઓએ ઓછામાં ઓછા ૩ વર્ષ જેલમાં વિતાવ્યા હોય અને સૌથી અગત્યનું તેમનું વર્તન સારું હોય — તો તેઓ વર્ષમાં ત્રણ વખત જેલમાંથી રજા મેળવવા પાત્ર છે — એકવાર ૩ અઠવાડિયા માટે અને બે વાર ૨ અઠવાડિયા માટે.

આ પેરોલથી અલગ વસ્તુ છે કારણ કે તે જેલ વિભાગ દ્વારા કેદીને તેના સારા વર્તન માટે આપવામાં આવે છે. પેરોલ ફક્ત કોર્ટ દ્વારા અમુક ચોક્કસ કારણોસર મંજૂર કરવામાં આવે છે, જેમ કે પરિવારમાં લગ્ન પ્રસંગ હોય કે કોઈનું અવસાન થયું હોય.

બીજા શબ્દોમાં કહીએ તો, કેદી જેલમાં તેના સારા વર્તન દ્વારા ફર્લોનો અધિકાર કમાય છે. મૂળભૂત રીતે, આ સિસ્ટમનો ઉદ્દેશ જેલમાં સારા વર્તનને પ્રોત્સાહન આપવાનો છે, સાથે સાથે એ સુનિશ્ચિત કરવાનો પણ છે કે દોષિત વ્યક્તિ તેના પરિવાર અને સમાજથી સંપૂર્ણપણે વિખૂટો ન પડે, જેથી જ્યારે તેને સમાજમાં પુનર્વસવાટ કરાવવાનો હોય, ત્યારે તેના સામાજિક સંબંધો જળવાઈ રહે.

મૂળભૂત રીતે, તે જેલ સુધારણાના સંપૂર્ણ સિદ્ધાંત સાથે સુસંગત છે.

આ કેદીની વાત કરીએ તો, જ્યારે તેણે પહેલીવાર કોર્ટમાં અરજી કરીને જેલ વિભાગને તેને ફર્લો માટે ધ્યાનમાં લેવાનો નિર્દેશ આપવા જણાવ્યું, ત્યારે જેલ વિભાગે રાષ્ટ્રપતિની માફીના આદેશને ટાંકીને તેને ફર્લો માટે ક્યારેય ધ્યાનમાં લીધો નહીં, જેમાં જણાવ્યું હતું કે તે તેના છેલ્લા શ્વાસ સુધી જેલમાં જ રહેશે. કોર્ટે તેના પક્ષમાં ચુકાદો આપ્યો નહીં, એમ કહીને કે રાષ્ટ્રપતિની માફીમાં ફર્લો વિશે સ્પષ્ટપણે કશો ઉલ્લેખ ન હોવા છતાં, તે આદેશનો ભાવ એવો હતો કે તેને કોઈ રાહત વિના જેલમાં જ રહેવું પડશે. તેણે આને હાઈકોર્ટમાં પડકાર્યો, પરંતુ હાઈકોર્ટે પણ તેના પક્ષમાં ચુકાદો આપ્યો નહીં.

છેલ્લા પ્રયાસ રૂપે, તેણે સુપ્રીમ કોર્ટમાં હાઈકોર્ટના આદેશને પડકાર્યો, અને સુપ્રીમ કોર્ટે તેના પક્ષમાં ચુકાદો આપ્યો, એમ કહીને કે ફર્લો એક અધિકાર છે જે તેની પાસેથી છીનવી શકાય નહીં, કારણ કે તેણે જેલમાં ૨૮ વર્ષના તેના સારા વર્તન દ્વારા આ અધિકાર કમાવ્યો છે.

આખરે, તેનો ૨૧ દિવસનો ફર્લો મંજૂર કરવામાં આવ્યો, અને જેલમાં

૨૮ વર્ષ રહ્યા પછી, તેને જેલની બહાર પગ મૂકવાનો મોકો મળ્યો.

જ્યારે તે પાછો આવ્યો, ત્યારે મેં તેને પૂછ્યું કે આટલા વર્ષો પછી બહારની દુનિયા કેવી લાગી ? મેં તેને પૂછ્યું કે તેને કોણ લેવા આવ્યું હતું, અને તે પાછો જેલમાં કેવી રીતે આવ્યો ? મેં પહેલાં કહ્યું તેમ, તે ઓછું બોલે છે, પરંતુ તેણે જે થોડા શબ્દો કહ્યા, તેમાં તેણે કહ્યું કે તેને એવું લાગ્યું કે જાણે તે ૨૧ દિવસ નહીં, પણ ૨૧ મિનિટ જ બહાર રહ્યો હોય.

તેણે એમ પણ કહ્યું કે ૧૯૯૦ના દાયકામાં તે જે સંબંધીઓને ઓળખતો હતો તેમાંથી ફક્ત ગણ્યાંગાંઠ્યા જ જીવિત છે અને તેને ઘણા નવા કુટુંબીજનો મળ્યા જે તેના માટે અજાણ્યા હતા, અને જેના માટે તે પણ એક અજાણી વ્યક્તિ હતો.

જો તમને આશ્ચર્ય થતું હોય કે તે શા માટે ભાગી ન ગયો, શા માટે બહાર નીકળવાની તક મળ્યા છતાં તે સ્વેચ્છાએ જેલમાં પાછો ફર્યો, તો તેનું કારણ એ છે કે તેણે હજુ પણ આશા છોડી નથી, અને હકીકતમાં આગામી વર્ષોમાં કોર્ટમાંથી વધુ રાહતની અપેક્ષા રાખી રહ્યો છે.

તેણે પોતે મને આમ કહ્યું — કે હવે તે દર વર્ષે ત્રણ ફર્લો માટે પાત્ર છે — અને જો તે થોડા વર્ષો સુધી બહાર જઈને જેલમાં પાછો આવતો રહેશે, તો કોર્ટ તેને મુક્તિ માટે પાત્ર ગણી શકે છે.

મેં વિચાર્યું કે આ કેવી રીતે શક્ય છે, કારણ કે તેને ફર્લો મંજૂર કરતો તેનો આદેશ ફક્ત તે પૂરતો જ મર્યાદિત હતો અને તેની દોષિતતા અથવા તેની સજાના ગુણદોષ પર કોઈ ટિપ્પણી કરી ન હતી.

પરંતુ મેં તેને આવા પ્રશ્નો પૂછ્યા નહીં, તેને આશા રાખવા દીધી — કારણ કે આશા તેને જેલમાં પોતાની સાથે શાંતિથી જીવવા દે છે.

આખરે, તેમણે ગયા વર્ષે સુપ્રીમ કોર્ટ દ્વારા રાજીવ ગાંધી હત્યા કાવતરામાં સામેલ લોકોને અપાયેલી રાહત ટાંકી, જાણે કે તેઓ પોતાની આશા જીવંત રાખવામાં સમાનતા જોતા હોય - "તેઓ બધા વડાપ્રધાનને મારવામાં સામેલ હતા, મેં વડાપ્રધાનને માર્યા ન'હોતા ને!" - આવું તેમણે મને કહ્યું! કોઈ ક્યારેય ભાગી ન જાય કારણ કે આશા, ભલે ગમે તેટલી અવાસ્તવિક હોય, એક શક્તિશાળી સહારો છે.

દોસ્તોયેવ્સ્કી પણ તેમના કાર્યોમાં આ મુદ્દાને સંબોધે છે - કે કેદીઓ શા માટે ભાગી જતા નથી, ભલે તે સમયે કોઈ પેરોલ કે ફર્લો ન'હોતા, છતાં તેઓ કામ કરવા માટે દંડનીય વસાહતોમાં જતા હતા અને હંમેશાં તેમની ઉપર ચોકીદારો ન'હોતા.

અને તેઓ જે કહે છે તે હું તિહારમાં મારી આસપાસ જે જોઉં છું તે તેની સાથે ખૂબ સુસંગત છે. દોસ્તોયેવ્સ્કી લખે છે કે કેદીઓ ભાગી જતા નથી કારણ કે તેઓએ જેલને આપેલા સમયને મૂલ્યવાન ગણે છે.

ભાગી જવાનો પ્રયાસ કરનારા ફક્ત તે જ હોય છે જેઓ તેમની સજાની શરૂઆતમાં હોય છે. જે કોઈ જેલમાં નોંધપાત્ર સમય આપે છે તે ભાગી જશે નહીં, ભલે દરવાજા ખુલ્લા મૂકી દેવામાં આવે. તે પહેલાં કોર્ટના આદેશની રાહ જોશે. તે આશા પર ગણતરી કરશે.

આ આશા અને પ્રતીક્ષા પર, નિરાશા અને ઝંખના પરના મારા કેટલાક વિચારો હતા.

લગભગ પાંચ વર્ષ વીતી ગયા છે. અડધો દાયકો. આટલો સમય લોકો માટે તેમની પીએચડી પૂર્ણ કરવા અને નોકરી શોધવા માટે પૂરતો છે, પ્રેમમાં પડવા, લગ્ન કરવા અને બાળક મેળવવા માટે પૂરતો છે, પોતાના બાળકોને ઓળખી ન શકાય તેટલા મોટા થવા માટે પૂરતો છે, ગાઝામાં નરસંહારને વિશ્વ માટે સામાન્ય બનાવવા માટે પૂરતો છે, આપણા માતા-પિતાને વૃદ્ધ અને અશક્ત બનવા માટે પૂરતો છે.

શું આ આપણી મુક્તિ માટે પૂરતો સમય છે? •••

(ઉમર ખાલિદ ભૂતપૂર્વ JNU વિદ્યાર્થી નેતા અને ઇતિહાસમાં પીએચડી સ્કોલર છે, જેઓ રાજ્યની નીતિઓ વિરુદ્ધ તેમની સક્રિયતા અને અસંમતિ માટે જાણીતા છે. દિલ્હી રમખાણોમાં કથિત કાવતરા બદલ ૨૦૨૦માં UAPA હેઠળ ધરપકડ કરાયેલા, તેઓ ટ્રાયલ વિના તિહાર જેલમાં છે. આ એક અભિપ્રાયનો લેખ છે, "The Quint" થી સાભાર.)


Eye Guard Opticals

Irfan Saiyad

Mo. : 98252 84358




We make spectacles as per Dr. Prescription.
Fitting of spectacles will be done on Japan Automatic Machine

S-B-3, Sunrise Point,
Hanuman Gali, Opp.
Kumar Sala No. 1,
Raopura, Vadodara

રજૂઆતઃ અનવર ખાન

# સમય ઝડપથી બદલાઈ રહ્યો છે

આપણો સમાજ વિવિધ રીતે અધોગતિ ભણી જઈ રહ્યો છે, આસપાસનું નિરીક્ષણ કરીએ તો સંજોગો કે પરિસ્થિતિઓ કંઈક સારી નથી જણાતી. સમાજનો વિકાસ તથા અધોગતિ સમાજની યુવા પીઢીના ચારિત્ર્યો પર આધારિત હોય છે. પરંતુ શું કહેવામાં આવે કે યુવા પીઢી તો નૈતિક પથ-ભ્રષ્ટતા ભણી વધતી જઈ રહી છે. નૈતિક પતનનું ઉદાહરણ બનનાર કોમો ચીસો પાડી પાડીને કહી રહી છે કે નવયુવાનો પોતાના લક્ષ્યથી હટતા જઈ રહ્યા છે. તેઓ હવે આકાશની ઊંચાઈને સ્પર્શવાનો અર્થ કંઈક બીજો લઈ રહ્યા છે.

તેમને પોતાના લક્ષ્યની ખબર જ નથી કે તેમણે પોતાના માટે, પોતાના માતા-પિતા અને દેશ માટે શું કરવાનું છે. ક્યા માર્ગે ચાલીને તેઓ પોતાની મંઝિલ પામી શકશે. આમાં કોઈ શંકા નથી કે આજનો યુવાન વાંચવા-લખવા કે અભ્યાસમાં આગળ વધી રહ્યો છે, પરંતુ સાથો સાથ તબાહીના માર્ગે પણ આગળ વધતો જઈ રહ્યો છે. આજના ટેકનોલોજીના યુગમાં હાંસલ થનારી આધુનિક સવલતોએ તેમને વિદ્રોહી, જિદ્દી અને પોતાની વાત દરેક સ્થિતિમાં મનાવનાર બનાવી દીધો છે. કોમના સરપરસ્ત, માતા-પિતા, માર્ગદર્શક બધા જ આ મૂંઝવણના ભોગ બનેલા છે કે આ તબાહી કે વિનાશ માટે જવાબદાર કોને માનીએ. શું સોશ્યલ મીડિયાને કોસીએ-ભાંડીએ? સ્માર્ટ ફોનને દોષી ઠેરવીએ કે પછી ઈન્ટરનેટની સરળ ઉપલબ્ધતાને? કે પછી કેળવણી અને સોબતને?

આમાં કોઈ શંકા નથી કે ૩૦-૩૫ વર્ષ પહેલાં આપણા નૈતિક મૂલ્યો હતા. સીમિત સંસાધનો છતાં લોકો પોતાના જીવનથી સંતુષ્ટ હતા. પરંતુ જેવા જ ઈન્ટરનેટ, કેબલ્સ વિ. સોશ્યલ મીડિયાના માધ્યમો આવ્યા. નવ-યુવાનોના વલણો બદલાઈ ગયા અને આજે તેઓ નૈતિક દેવાળિયાપણાના શિકાર થઈ ગયા છે. પહેલાં નવયુવાનો વડીલોની નસીહતો કે ઉપદેશોને ધ્યાનપૂર્વક સાંભળ્યા કરતા હતા. તેમનાથી વાત કરતી વેળા નજરો નીચી રહેતી હતી. પરંતુ આજે અનિચ્છાએ તેમની વાતો સાંભળે છે અને આંખો મિલાવીને વાતચીત કરે છે. દરેક વાતનો ફક્ત જવાબ આપે છે એટલું જ નહીં બલ્કે ખરાબ રીતે વાત પણ કરે છે. વડીલોનો આદર કરવાના બદલે કડવું વલણ પણ અપનાવવા લાગ્યા છે.

તેમની નસીહતો-ઉપદેશોને



ધ્યાન આપવા લાયક નથી સમજતા અને તેમની વાતોની ઉપેક્ષા કે અવગણના કરવી એ સાધારણ બાબત બની ગઈ છે. એવું લાગે છે કે યુવાપીઢી મોટેરાઓના આદરને જાણે કે ભૂલી ગઈ છે. પોતાના ઘરોમાં સમય ફાળવવાના બદલે મિત્રો-સાથીઓમાં સમય વેડફી રહી છે. આ નૈતિક પતનનું મહત્ત્વનું કારણ વાતાવરણની અસર પણ છે. વિદ્રોહનું તત્ત્વ તેમના સ્વભાવમાં સમાતું જઈ રહ્યું છે. વિદ્રોહનું તત્ત્વ તેમના સ્વભાવમાં સમાતું જઈ રહ્યું છે. કડવી વાસ્તવિકતા આ છે કે નાની નાની વાતો પર ઝઘડો કરીને કેટલાય યુવાનો માતા-પિતાને છોડીને ઘરથી ફરારનો માર્ગ અપનાવી રહ્યા છે. આપણા બાપ-દાદાથી ઘરમાં એક નૈતિક વ્યવસ્થા ચાલી આવતી હતી. તેમાં મોટેરાઓ નાના બાળકો તથા યુવાનોને નૈતિક મૂલ્યો શીખવાડતા હતા, પરંતુ અફસોસ કે એ વ્યવસ્થા આજે અદશ્ય થતી જઈ રહી છે. પશ્ચિમી અનુકરણના ચક્કરમાં પૂર્વીય સભ્યતા-સંસ્કૃતિ અને નૈતિક મૂલ્યોથી દૂર થતા જઈ રહ્યા છે.

પશ્ચિમી સભ્યતા-સંસ્કૃતિ, વીજ-ગતિએ આપણી સભ્યતા-સંસ્કૃતિને પ્રભાવિત કરી રહી છે. જયાં ઈન્ટરનેટ અને મોડર્ન ઈન્ફોર્મેશન ટેકનોલોજી દ્વારા પશ્ચિમી કલ્ચર વિકસી રહ્યો છે ત્યાં જ નવ-યુવાનના વિચારોમાં પણ પરિવર્તન આવી ગયું છે. પોતાના ભવિષ્યની ચિંતા કરવાના બદલે તેઓ પોતાનો મોટાભાગનો સમય મોબાઈલ પર વિવિધ ગેઈમ રમવામાં વિતાવે છે. એવી વીડિયો જુએ છે કે જે તેમના માનસ પર નકારાત્મક અસરો જન્માવે છે. તેમાં ગુસ્સો, ક્રોધ, ઝનૂન વિ.વિ. વધતા જઈ રહ્યા છે. શિક્ષણથી અંતર વધતું જઈ રહ્યું છે. મોટાભઠાગની યુવતીઓની સ્થિતિ પણ આ જ છે.

તેમના હાથોમાં હંમેશાં મોબાઈલ ફોન હોય છે, જેના દ્વારા તેઓ ફેસબુક, ઈન્સ્ટાગ્રામ વિ.માં વ્યસ્ત રહે છે. અને આ સિલસિલો રોજ રાત્રે મોડી રાત સુધી ચાલુ રહે છે. જો કે એવા યુવાનો પણ હશે કે જેઓ આ ખરાબીઓ કે બૂરાઈઓથી બચેલા કે સુરક્ષિત હશે. પરંતુ મોટાભાગના બગડેલા દેખાય છે. આમાં દોષ એ યુવાનોનો પણ નથી બલ્કે માતા-પિતા, શિક્ષકો અને આપણી પોકળ શિક્ષણ-પ્રણાલી પણ છે. શૈક્ષણિક સંસ્થાઓમાં શિક્ષણ તો આપવામાં આવે છે, પરંતુ ન તો યોગ્ય પ્રશિક્ષણ કે કેળવણી આપવામાં આવે છે અને ન જ નૈતિકતાનો બોધ આપવામાં આવે છે. સિગારેટ પીવી વિવિધ નશીલા કે કેફી દ્રવ્યોના હાનિકારક પ્રભાવોથી નવયુવાનોમાં નૈતિક પતન પેદા થઈ રહ્યું છે. જો યુવા પીઢીની નૈતિક કેળવણી કરવામાં ન આવે તો તેમના ભવિષ્યને ખતરાઓ લાગુ થઈ શકે છે.

**વધુ ને વધુ જ્ઞાન શીખવાની સાથો સાથ થોડોક અદબ કે શિષ્ટાચાર પણ શીખો, અને શીખવાડો. નહિંતર દિવસે દિવસે પરિક્ષાઓમાં સફળતાનું પ્રમાણ કે ટકાવારી તો વધતી જશે, પરંતુ નૈતિકતાની કમી થતી રહેશે, અને પછી જે કંઈ થશે તેનું નુકસાન માતા-પિતાની સાથો સાથ સમગ્ર સમાજ અને દેશે પણ ભોગવવું પડશે.**

માતા-પિતા અને શિક્ષકો તેમને સારૂં શિક્ષણ તથા પ્રશિક્ષણ તેમજ બહેતર નૈતિકતાથી નવાજે. સારા માનવી બનાવવા પ્રત્યે ધ્યાન આપે, ખરાબ સોબતથી બચાવે, પરંતુ નવયુવાનોની નૈતિક કેળવણી ફક્ત માતા-પિતા, ઉલેમા કે શિક્ષકોની જ જવાબદારી નથી બલ્કે ખુદ નવયુવાનોમાં પણ આ વાતનો અહેસાસ હોવો જોઈએ કે તેઓ કયા માર્ગે આગળ ધપી રહ્યા છે અને તેના શું પરિણામો આવશે.

માતા-પિતાનું આજ્ઞાપાલન શીખો. પોતાનામાં હકારાત્મક વિચારો વિકસાવો-ઉછેરો અને જીવનમાં ધ્યેય નક્કી કરતી વખતે ચેષ્ટાઓ તથા અમલ અને નિરંતર પ્રયાસો સાથે તેમને હાસલ કરો. નિરાશ તથા માયૂસીથી બચો. જીવન-માર્ગોમાં પ્રગતિ કરતાં પોતાનું, પોતાના માતા-પિતાનું અને શિક્ષકોનું નામ રોશન કરો. પોતાની જવાબદારીઓને નિભાવવાનો પ્રયાસ કરો. આવનારી પીઢીઓ માટે માર્ગની મશાલ બનો. જરૂરત આ વાતની છે કે વધુ ને વધુ જ્ઞાન શીખવાની સાથો સાથ થોડોક અદબ કે શિષ્ટાચાર પણ શીખો, અને શીખવાડો. નહિંતર દિવસે દિવસે પરિક્ષાઓમાં સફળતાનું પ્રમાણ કે ટકાવારી તો વધશે, પરંતુ નૈતિકતાની કમી થતી રહેશે, અને પછી જે કંઈ થશે તેનું નુકસાન માતા-પિતાની સાથો સાથ સમગ્ર સમાજ અને દેશે પણ ભોગવવું પડશે.

•••



# સફળતાના માર્ગમાં અવરોધરૂપ અડચણો

સફળતાની પ્રાપ્તિ દરેક વ્યક્તિની તમન્ના અને ઈચ્છા હોય છે. પરંતુ આ પ્રશ્ન ખૂબ જ મહત્ત્વનો છે કે સફળતા કોને કહેવાય છે ? સફળતા ખરેખર પોતાના જીવનમાં કોઈ મોટા ધ્યેય અને સંકલ્પને પામી લીધા બાદ તેના માટે વિધિવત્ જદ્દોજહદ કરવાનું નામ છે જે ફક્ત માણસના જીવનને સકારાત્મક દિશા આપવાનું કામ કરે છે એટલું જ નહીં બલ્કે સમાજ અને કોમમાં પણ સકારાત્મક પરિવર્તન લાવે છે. ભલેથી આ પરિવર્તન ગમે તેટલા નાનાપાયે જ કેમ ન હોય. એટલે કે સફળતા વાસ્તવમાં પોતાના અને અન્યોના જીવનમાં બહેતરી લાવવાનું બીજું નામ છે. દુનિયાની દરેક વસ્તુની જેમ સફળતા મફતમાં નથી મળતી. આપણે તેની કીમત ચૂકવવી પડે છે.

**આશાને મરવા ન દો : આશાના મરતાં જ વ્યક્તિની હિંમત મંદ પડવા લાગે છે :** સફળતા મેળવવા માટે મોટાભાગે આપણને બતાવવામાં આવે છે કે સફળતા માટે ઘણા કાર્યો નિભાવવા પડે છે, પરંતુ સત્ય આ છે કે વ્યક્તિને પોતાની સફળતા માટે ઘણા કાર્યોથી બચવું પણ પડે છે. એટલે કે તેણે ઘણા કાર્યો કરવાના નથી હોતા જેથી તે સફળ થઈ શકે. સરળ શબ્દોમાં જોઈએ તો જ્યાં સફળતા માટે આ જરૂરી છે કે આપણે કેટલાક કાર્યો કરીએ ત્યાં જ સફળતા મેળવવા માટે આ પણ આવશ્યક છે કે આપણે ઘણા કાર્યો ન કરીએ. જો તમે પોતાને સફળ જોવા માગો છો તો નિમ્ન લિખિત કાર્યો ન કરો તો તમે સહેલાઈથી સફળ થઈ શકશો. આ બાબતોને વાંચવા અને યાદ રાખવા કરતાં વધુ જીવવામાં આવે અને અમલી રીતે જીવનનો ભાગ બનાવી લેવામાં આવે.

**સમયને વેડફો નહીં :** દુનિયાનો સૌથી મોટો ખજાનો અર્થાત્ સમય તમામ લોકોમાં સમાન રીતે વ્હેંચવામાં આવ્યો છે. સફળ લોકોને સમયના મહત્ત્વનો ભરપૂર અહેસાસ હોય છે. આથી જ તેઓ આ દૌલતનો ઉપયોગ ખૂબ જ સમજી-વિચારીને પરંતુ ભરપૂર રીતે કરે છે. તેઓ નાની વયમાં જ જાણી લે છે કે જો દુનિયામાં કંઈક આગવું કરવું છે અને કોઈ મોટા મુકામની ખ્વાહેશ છે તો સામાન્ય લોકોથી કંઈક વધુ અને જુદી રીતે કરવું પડશે. આથી મહેનત કરવાનું ન છોડો. કાયમી અને સતત મહેનત કરનારને સફળ થવાથી કોઈ જ અટકાવી શકતું નથી. મહેનત ભલેથી ઓછી જ હોય પરંતુ સતત ને નિરંતર કરવામાં આવે તો સફળતા મળવી આવશ્યક છે વિદ્વાનો કહે છે કે જો કોઈ સમયને વેડફશે તો સમય પણ તેને બરબાદ કરીને જ છોડશે. આથી સમયની કદર કરો અને તેને ધ્યેયપૂર્ણ કે સહેતુક અને ઉચ્ચ કાર્યોમાં જ ખર્ચ કરો. કેમકે દુનિયા અને આખિરતમાં સફળતા માટે મૂળ શરત સમયનો ખરી દિશામાં ખરો ઉપયોગ છે. એ પહેલાં કે સમયની તક ચૂકી જવાય સમયની કદર કરો અને તેનો સારા કાર્યોમાં ઉપયોગ કરી વેડફાવાથી બચાવો.

**મોટા સ્વપ્ન જોવાનું ન છોડો :** મોટા સ્વપ્નાઓ જોવા પર કોઈ પ્રતિબંધ નથી. બધા લોકો જીવનમાં ક્યારેક ને કયારેક, ક્યાંક ને ક્યાંક કંઈક મોટું કરવાનું વિચારે છે. પરંતુ બહું ઓછા લોકો એવા છે જેઓ એ સ્વપ્નાઓને સાકાર કરવા માટે મુશ્કેલ મુસાફરીની શરૂઆત કરે છે. ઘણા લોકો તો સફરની શરૂઆતના કેટલાક આંચકાઓને જ સહન નથી કરી શકતા. નાની કે થોડીક નિષ્ફળતાઓ જ તેમની હિંમત ભાંગી નાખવા માટે પૂરતી હોય છે. માત્ર થોડાક લોકો જ એવા હોય છે કે જેમને દરેક નિષ્ફળતા એક નવો બોધ શીખવાડે છે. તેઓ આ બોધ શીખીને આગળ વધી જાય છે અને તેમની યાત્રા ત્યાં સુધી ચાલુ રહે છે કે જ્યાં સુધી સફળતા તેમના ચરણોમાં આવી નથી

પડતી. મોટા સ્વપ્ન જોવા અને તેમને સાકાર કરવા માટે ખૂબ જ હિંમતની જરૂરત હોય છે. બસ મોટા સ્વપ્ન જોવાનું ન છોડો. નહિંતર બીજી સ્થિતિમાં એક સામાન્ય અને મામૂલી જીવન જીવીને આ દુનિયાને છોડવા માટે તૈયાર થઈ જાવ. મોટા સ્વપ્નાઓની યાત્રા મુશ્કેલ ભલેથી હોય પરંતુ તેની મંઝિલ અને ઈનામ હંમેશાં ખૂબ જ મોટા અને શાનદાર હોય છે.

**આશાને મરવા ન દો :** આશાના મરતાં જ વ્યક્તિની હિંમત મંદ પડવા લાગે છે. જુસ્સો તૂટવા લાગે છે. હિંમત સાથ છોડવા લાગે છે. અન્યો સાંત્વના આપવાના બદલે લોકો જુસ્સો ભાંગવાની વાતો કરવા લાગે છે. જીભો જુસ્સો વધારવાને બદલે મ્હેણાં મારવા અને ફરિયાદોનું કડવું ઝેર ઓકવા લાગે છે. નિરાશાઓ વ્યક્તિને ચારેકોરથી ઘેરવા લાગે છે. આવી સ્થિતિમાં વ્યક્તિએ પોતાનો જુસ્સો પોતે જ વધારવાનો હોય છે. કાર્યો મુશ્કેલ લાગવા લાગે છે. વ્યક્તિ જો કોઈ ઈનામ કે દુન્યવી લાલચના લીધે કોઈ કાર્ય કરી રહી હોય તો જુસ્સો તૂટી જવો સ્વાભાવિક વાત છે. પરંતુ જો કાર્ય કરવાની પ્રેરણા કે પ્રેરકબળ આંતરિક હોય તો દરેક પ્રહાર આનંદ આપવા લાગે છે. નિષ્ફળતા હાર આપવા અને હિંમત ભાંગવાના બદલે જુસ્સો વધારવા લાગે છે. હિંમત ન હારો, જુસ્સો જાળવી રાખો. ધૈર્ય ન ગુમાવો. સફળતા માટે તમારી હિંમતને અજમાવવામાં આવશે. તમારા ધૈર્યને ચકાસવામાં આવશે. આશાને પારખવામાં આવશે. તમારે તો મુશ્કેલથી મુશ્કેલ સંજોગોમાં પણ આગળ ને આગળ વધતા જ રહેવાનું છે. બસ આશા જાળવી રાખો અને ચાલતા રહો,આગળ વધતા રહો. એક દિવસે તમને સફળતા મળવી એવી જ રીતે અનિવાર્ય છે કે જેવી રીતે સૂર્યનું ઊગવું. કાયમી પ્રયાસ અને પોતાના ધ્યેય પર અડગ રહેવું શરત છે.

**નિષ્ફળતાઓથી ગભરાવો નહીં**

મુશ્કેલીઓ અને નિષ્ફળતાઓથી ડરો નહીં અને પોતાના પર ભરોસો રાખો. નિષ્ફળ લોકો દરેક નિષ્ફળતાને પોતાનો ગુરૂ માનીને તેનાથી શીખે છે અને આગળ વધતા રહે છે. જો જરૂરત સંશોધનની જનની છે તો નિષ્ફળતાઓ સફળતાની સગી સંતાન છે. જીતવા માટે મોટેભાગે પહેલાં હારવું પડે છે, તેનાથી શીખવું પડે છે અને તેને કાયમી રોગ સમજ્યા વિના આગળ વધી જવાનું હોય છે. નિષ્ફળતાઓ ભલા મોટા લોકોનો માર્ગ કેવી રીતે અટકાવી શકે છે. જેમણે નિશ્ચય કરી લીધો હોય કે બસ તેમણે ત્યાં સુધી આગળ વધતા જ રહેવાનું છે કે જ્યાં સુધી મંઝિલ પોતે તેમને અવાજ દઈને ન બોલાવે. નિષ્ફળતાઓથી ગભરાય તો માત્ર એ લોકો છે કે જેમને મંઝિલો ભણી જતા મુશ્કેલ તથા કઠણ માર્ગોથી બીક લાગે છે અને જેમનો પોતાની જાત અને જુસ્સા પર વિશ્વાસ ડગમગી ગયો હોય છે. નિષ્ફળતાઓને જો સફળતાની અનિવાર્ય શરત કહેવામાં આવે તો અસ્થાને નહીં હોય. આથી નિષ્ફળતાઓથી ગભરાવો નહીં, બલ્કે કહેવામાં આવે છે કે જો એક જ કાર્યને દસ જુદી જુદી રીતોથી કરવાનો પ્રયાસ કરવામાં આવે તો વૈજ્ઞાનિક ઢબે જરૂરી છે કે તેમાંથી બે રીતો યોગ્ય હોય, પરંતુ શરત આ છે કે દરેક નિષ્ફળ રીતથી કંઈક શીખીને આગળના કાર્યને તેનાથી (પાછલાથી) બહેતર બનાવાવમાં આવે. વધુમાં આ કે સફળતાની સફરમાં તમે જેટલી જલ્દી નિષ્ફળતાથી શીખીને આગળ વધી જશો, એટલું જ સારૂં છે કે તમારી સફળતા માટે જરૂરી સફર ઓછી થઈ જશે.

**બહાના ન બનાવો :** આક્ષેપબાજીઓ અને બહાના કરવા એ નિષ્ફળ લોકોના વલણોના સામાન્ય રોગો છે જેમનાથી બચવું સફળતાની પ્રથમ શરત છે. આ રોગોના મોટા લક્ષણો આ છે કે વ્યક્તિની ગુફતેગૂમાં જો, પરંતુ, કેમકે, આથી, એટલા માટે, જેથી, તો પછી તેમ છતાં વિ.વિ. શબ્દોનો પ્રયોગ ખૂબ જ થાય છે. તેઓ કોઈ પણ કામમાં નિષ્ફળતાની જવાબદારી સ્વીકારતા નથી. તેઓ પોતાની જાત સિવાય બાકીના સૌને પોતાના જીવનની નિષ્ફળતાઓ માટે જવાબદાર માને કે ઠેરવે છે. આથી તેઓ બીજાઓને બદલવા અને તેમને (તેમની) પોતાની જાતમાં ફેરફાર લાવવાની સલાહ આપવાથી નથી થાકતા. પરંતુ સફળ લોકો પોતાના અમલી જીવનમાં એ બહાનાઓ તથા આક્ષેપબાજીઓને પોતાના જીવનથી ટૂંકમાં જ અલ-વિદા કરી દે છે. તેઓ પોતાના સ્વાસ્થ્ય, દૌલત, ઈજ્જત, ખ્યાતિ અને નિષ્ફળતાની પૂરી જવાબદારી પોતે જ સ્વીકારે છે. આથી જો તમે સફળ નથી તો બહાના તમારા જીવનની એ મૂડી હશે જે તમને તમારી નજરોમાં પડવાથી બચાવતા હશે. પરંતુ આજે જ બહાનાઓ અને આક્ષેપબાજીઓને ત્યજી દો અને પોતાની મુશ્કેલીઓને સ્વીકારી લો. તેમનો હિંમતભેર સામનો કરી તેમના દ્વારા સફળતા મેળવો કે જેથી તમે જીતનો ભરપૂર આનંદ મેળવી શકો.

**કાર્યો અધૂરા ન છોડો :** સફળ લોકો જિદ્દી હોય છે. તેઓ ધુનના પાકા અને મનના સાચા હોય છે. જ્યારે કે નિષ્ફળ લોકોના જીવનની ખાસિયત છે કે તેઓ વિવિધ કાર્યો કરે છે. જયાં પણ નિષ્ફળતાનો સામનો થાય છે તેઓ એ કાર્યને અધૂરૂં છોડીને નવું કામ શરૂ કરી દે છે. એટલે કે તેઓ વિવિધ કાર્યો કરતા રહે છે. આથી જ કોઈ પણ કાર્યમાં તેમની નિપુણતા ભવ્યતાના દરજ્જા સુધી નથી પહોંચી શકતી. જ્યારે કે સફળ લોકોના જીવનમાં આ વાત ખૂબ જ સ્પષ્ટ રૂપે દેખાઈ આવે

છે કે તેઓ પોતાના કાર્યોને પૂરા કરીને જ રહે છે. તેઓ એક જ કાર્યને જુદી જુદી રીતે કરે છે અને તેને ત્યાં સુધી કરતા જ રહે છે કે જ્યાં સુધી એ કાર્ય તેમની ઓળખ નથી બની જતું. તેઓ પોતાના કાર્યોને એ શ્રેષ્ઠ રીતે પૂર્ણતા સુધી પહોંચાડે છે કે લોકો તેનું ઉદાહરણ આપવાને પણ પોતાના માટે ઈજ્જતરૂપ સમજે છે. આથી જો તમે પોતાનું નામ સફળ લોકોની યાદીમાં પોતાનું નામ સામેલ કરવા ચાહો છો તો પોતાના જીવનમાં કાર્યોને પૂર્ણ કર્યા વિના છોડવાનો વિચાર પણ ત્યજી દો. જે કાર્ય પણ શરૂ કરો તેને શાનદાર રીતે પુરૂં કરવાનો પ્રયાસ કરો કે જેના માટે સર્જનાત્મક વિચાર શૈલી અને સંશોધન તમારો મૂળ હથિયાર છે.

**સંતુલન ન છોડો :** દુનિયામાં એક શાનદાર સંતુલનનું બીજું નામ છે. જરા દૃષ્ટિપાત કરો તો ખરા! અંદરની વિશાળ સૃષ્ટિ અર્થાત્ શરીરમાં અને બહારની મહાન સૃષ્ટિ એટલે કે વિશાળ શૂન્યાવકાશમાં દરેક જગ્યાએ સંતુલન જોવા મળે છે. શારીરિક સૌંદર્ય પણ અવયવો-અંગોના સંતુલનનું નામ છે અને આ જ સંતુલન જ તો સૌંદર્ય છે અને ફક્ત સંતુલનમાં જ સફળતા છે. સફળતા માટે વ્યક્તિત્ત્વ અને વ્યક્તિના ચારિત્ર્યમાં સંતુલન ખૂબ જ જરૂરી છે. કાર્ય અને ઘરના જીવનમાં પણ સંતુલન જાળવવું વ્યક્તિના જીવનને સફળ તથા વિજયી બનાવે છે. આથી જો તમે સફળતા ઈચ્છો છો તો પોતાના જીવનમાં સંતુલનને જાળવી રાખો.

કાર્ય અને આરામમાં પણ સંતુલન અનિવાર્ય છે. થાકને પણ મોકો આપો કે તે તમને એક શાનદાર ઊંઘ એનાયત કરે કે જેથી ફરીથી તમે પોતાની શક્તિઓને એકત્ર કરીને ફરીથી ધ્યેય-પ્રાપ્તિ ભણી આગળ વધી શકો. નિષ્ફળ લોકોની એક સમસ્યા આ હોય છે કે તેઓ થોડાક દિવસ મહેનત કર્યા પછી થાકી જાય છે. મોટાભાગે તેઓ પોતાના કાર્યોને વિલંબ કરતાં કરતાં અંતિમ દિવસ કે કલાકો સુધી લઈ જાય છે, જ્યાં તેમનો વિચાર હોય છે કે તેઓ વર્ષોની મહેનત દિવસો કે કલાકોમાં કરી લેશે. આ એ મુકામ છે કે જ્યાં માનસિક દબાણ અને નિષ્ફળતાનો ભય તેમને ઘેરેલો હોય છે. અસંતુલનની આ કેફિયત તેમના માટે નિરાશાઓ સિવાય કંઈ જ નથી લાવતી. આથી પોતાના જીવનમાં સંતુલન ક્યારેય ન છોડો. •••

---

(૯માં પાનાનું ચાલું.. **પૈગામ** - ત્રણ તલાક...)

તેમાં છૂટાછેડા આપવાની આ જ ખોટી પ્રક્રિયા એટલે કે એક સાથે ત્રણ કલાક આપવાના દૃશ્યો જ રજૂ કર્યા છે. આપણા વિદ્વાનો, ખતીબો અને આલીમો પણ સાચી રીત શીખવવામાં નિષ્ફળ ગયા છે. અથવા જેટલા પ્રમાણમાં પ્રયાસો થવા જોઈએ એ ન થઈ શક્યા.

આટલું જ નહીં આપણા કહેવાતા બુદ્ધિજીવીઓ, આગેવાનો પણ તલાકની સાચી પ્રક્રિયાથી વાકેફ નથી. અહીં સુધી કે કાયદા સાથે જોડાયેલા મુસ્લિમ વકીલો પણ આ બાબતે ઉણા ઉતર્યા છે. તેઓ પણ એમ જ સમજે છે કે એકી સાથે ત્રણ કલાક આપવાથી જ તલાક શક્ય બને છે. જો એક તલાક આપીને તેઓ છૂટા થઈ જાય તો પત્ની બીજે ક્યાંય લગ્ન કરી શકતી નથી, કેમકે હજુ તેણે માત્ર એક જ તલાક મળી છે. કેટલીક જગ્યાએ વકીલ મિત્રો તલાકે હસનને અનુસરે છે એટલે દર મહિને એક એક તલાક અપાવે છે. આવી પરિસ્થિતિમાં તેઓ પોતાના ક્લાયન્ટને એમ સમજાવે છે કે તમે દર માસે એક-એક તલાક આપશો એટલે ત્રણ મહિનામાં ત્રણ કલાક આપશો તો ત્રણ વખત દસ્તાવેજના ખર્ચા કરવા પડશે. તેના કરતાં એક જ દસ્તાવેજમાં ત્રણ કલાક આપી છૂટા થઈ જાઓ. અને આ રીતે સંબંધ સાચવવાની ત્રણ તકો પોતાના હાથે સમાપ્ત કરી નાંખે છે.

આ જ રીતે જો પત્ની પોતાના પતિથી તલાક ઈચ્છતી હોય અને જોડી રાખવાના પ્રયાસો નિષ્ફળ નીવડે તો પુરુષ એક તલાક આપી તેને સ્વતંત્ર કરી શકે છે. તલાક ન આપવી એટલે સ્ત્રીને લટકાવી રાખવું ગુનો છે. આવી પરિસ્થિતિમાં સ્ત્રી દારૂલ કઝા (સુલેહ સફાઈ કેન્દ્ર)નો સંપર્ક કરી પોતાને સ્વતંત્ર કરાવી શકે છે. જેમકે કુર્આનમાં છે, **"...જો તમને એ ભય હોય કે તેઓ બંને અલ્લાહની નિર્ધારિત સીમાઓ ઉપર અડગ રહેશે નહીં, તો એ બંનેના વચ્ચે આ મામલો કરી લેવામાં વાંધો નથી કે સ્ત્રી પોતાના પતિને કંઈક બદલો ચૂકવી દઈ પોતે છૂટી થઈ જાય. આ અલ્લાહે ઠરાવેલી મર્યાદાઓ છે, તેનું ઉલ્લંઘન ન કરો અને જે લોકો અલ્લાહની મર્યાદાઓનું ઉલ્લંઘન કરે તેઓ જ અત્યાચારી છે."** (સૂરઃ બકરહ, ૨૨૯)

સમાજમાં સાચી જાગૃતિ લાવવાની જરૂર છે તેના માટે આપણાં બધાએ સહિયારા પ્રયાસો કરવા જોઈએ. જુમઆના ખુતબા (પ્રવચન)માં, વિશેષ રીતે વકીલ મિત્રોમાં જાગૃતિ લાવવાની ખૂબ જરૂર છે. જો તલાકની સાચી પ્રક્રિયા એટલે 'તલાકે અહસન' (એક તલાક)ની રીત અપનાવવામાં આવશે તો આપણે ઘણા પરિવારોને તૂટતાં બચાવી શકીશું, અને હલાલાના નામે જે નિંદાત્મક કૃત્યો થઈ રહ્યા છે, ભલે તે બિલકુલ ઓછા પ્રમાણમાં કેમ ન હોય, તેનાથી પણ મુક્તિ મેળવી શકીશું ઈંશાઅલ્લાહ. •••

# ન્યાયના સાક્ષી બનો!

વર્તમાન યુગે ભૌતિક રીતે જે અસાધારણ પ્રગતિ કરી છે, તેનું એક પાસું આ છે કે શિક્ષણ સામાન્ય બની રહ્યું છે, અજ્ઞાનતા અને નિરક્ષરતા ધીમે ધીમે સમાપ્ત થઈ રહી છે. કેટલાક દેશોએ તો સો ટકા સાક્ષરતાનો લક્ષ્યાંક હાંસલ કરી લીધો છે. આપણા પોતાના દેશમાં પણ શિક્ષણનું સ્તર ઝડપથી વધી રહ્યું છે.

આ સાથે જ, આજની દુનિયા પોતાને સભ્ય, સુસંસ્કૃત અને કાયદાનું પાલન કરનારી માને છે. અહીં વિચાર અને કર્મની સ્વતંત્રતા, સમાનતા, ન્યાય અને માનવાધિકારોની વાતો થાય છે અને આ અધિકારોને માન્યતા પણ મળે છે. પરંતુ તેમ છતાં, આજે દુનિયામાં જ્યાં પણ નજર નાખો, આ અધિકારોને કચડી નાખવામાં આવી રહ્યા છે, અને તે ખરાબ રીતે પગ નીચે કચડાઈ રહ્યા છે. ચારેબાજુ અત્યાચાર અને અન્યાયનું રાજ છે.

આ અત્યાચાર હંમેશાં નબળાઓ પર થાય છે. એ ન ભૂલશો કે દુનિયામાં અત્યાચારનો ભોગ સામાન્ય રીતે એ જ લોકો બને છે જે નબળા હોય છે. આ અત્યાચાર લઘુમતીઓ, ગરીબો, નિરાધાર લોકો, નિર્દોષ બાળકો અને સ્ત્રીઓ પર થઈ રહ્યો છે. તેમના અધિકારો છીનવી લેવામાં આવી રહ્યા છે અને તેમનું શોષણ શક્ય હોય તે હદ સુધી થઈ રહ્યું છે.

આપણા પોતાના દેશમાં જુઓ, કેટલાય નિર્દોષ લોકો આતંકવાદના ખોટા આરોપોમાં વર્ષોથી જેલમાં બંધ છે. તેમને પોતાની નિર્દોષતા સાબિત કરવામાં વર્ષો લાગી જાય છે. જ્યારે નબળા લોકો અન્યાય સામે અવાજ ઉઠાવે છે, ત્યારે તેમનો અવાજ ઘણીવાર અરણ્ય રુદન બનીને રહી જાય છે. તેઓ ન્યાય ઇચ્છે છે, પરંતુ તેમને ન્યાય મળતો નથી. શક્તિશાળી લોકો નબળાઓને તેમનો હક આપવા તૈયાર નથી.

જેમ વ્યક્તિઓની આઝાદીની ઘોષણા થાય છે, તેમ જ દેશોની આઝાદીની પણ વાતો થાય છે, પરંતુ તેમને પોતાના મામલાઓ પર નિર્ણય લેવાની સાચી આઝાદી આપવામાં આવતી નથી.

**અત્યાચાર કેમ ફેલાયો છે?**

સવાલ ઊભો થાય છે કે અંતે શા માટે દુનિયાના દરેક ખૂણે અત્યાચારના વાદળો છવાયેલા છે? તેનો જવાબ એ છે કે માનવી એ હકીકત ભૂલી ચૂક્યો છે કે આ આખી સૃષ્ટિનો એક માલિક અને રચયિતા છે અને માનવી તેની જ મખલૂક (સૃષ્ટિ) છે. એક દિવસ જરૂર આવશે જ્યારે માનવીને પોતાના માલિક સામે ઊભા રહીને પોતાના દરેક કર્મનો હિસાબ આપવો પડશે. તેને પોતાના કરેલાનું ફળ, પછી ભલે તે સજા હોય કે ઇનામ, મળીને જ રહેશે.

સત્ય તો આ છે કે આ સૃષ્ટિનો રચયિતા અત્યાચારને નાપસંદ કરે છે અને તે તેને વધુ સમય સુધી સહન કરતો નથી. જે કોમોએ અત્યાચારનો માર્ગ અપનાવ્યો, તે વધુ સમય સુધી બચી શકી નથી અને અલ્લાહના અઝાબ (દંડ)ની પકડમાં આવી ગઈ.

કુર્આનમાં કેટલીક એવી જ કોમોનો ઉલ્લેખ કરતા કહેવામાં આવ્યું છેઃ "અને જ્યારે તારો રબ (પ્રભુ) કોઈ અત્યાચારી વસ્તીને પકડમાં લે છે તો પછી તેની પકડ આવી જ હોય છે, સાચું તો આ છે તેની પકડ ઘણી સખત અને પીડાકારી હોય છે." (સૂરઃ હૂદ, આયતઃ૧૦૨)

હવે સવાલ એ છે કે દુનિયામાંથી અત્યાચાર અને અન્યાય કેવી રીતે મટે અને ન્યાય કેવી રીતે સ્થપાય?

અલ્લાહે આ ઉમ્મત (સમુદાય)ને આ જવાબદારી આપી છે કે તે આ નાજુક કામને અંજામ આપે. કુર્આનમાં હિદાયત આપવામાં આવીઃ "હે લોકો, જેઓ ઈમાન લાવ્યા છો! ન્યાયના ધ્વજવાહક બનો અને અલ્લાહ માટે સાક્ષી આપનારા બનો." (સૂરઃ નિસા-૧૩૫)

જ્યાં ક્યાંય પણ અત્યાચાર, અન્યાય અને હકની નાફરમાની થઈ રહી હોય, ત્યાં તમે સચ્ચાઈ અને ન્યાયના પક્ષમાં દૃઢતાપૂર્વક ઊભા રહો. જો મામલો કોઈ દુશ્મન કોમ સાથે જોડાયેલો હોય, તો પણ નફરતને કારણે તમે ન્યાય ન છોડો.

"ન્યાય કરો, આ તકવા (અલ્લાહથી ડરવા) સાથે વધુ સુસંગત છે.." (સૂરઃ માઈદહ, આયત-૮)

તમે તકવાના રાહ પર છો અને તેની જ તરફ દુનિયાને બોલાવો છો, તો તેનો તકાદો આ છે કે દરેક હાલતમાં ન્યાય પર કાયમ રહો. અલ્લાહથી ડરો, કારણ કે તમારું કોઈ પણ કર્મ તેનાથી છુપાયેલું નથી. તે જોઈ રહ્યો છે કે તમે સચ્ચાઈનો સાથ આપી રહ્યા છો કે અન્યાયને તાકાત આપી રહ્યા છો. એક

બીજી જગ્યાએ કુર્આનમાં કહેવામાં આવ્યું: ''ન્યાય પર મજબૂતીથી ઊભા રહો...''

તમારું આ કામ કોઈ પળનું નહીં, પરંતુ હંમેશનું હોવું જોઈએ. ન્યાય તમારી ઓળખ બની જાય. અને આ સાક્ષી ફક્ત અલ્લાહની પ્રસન્નતા માટે હોય, ભલે તે સાક્ષી તમારા વિરુદ્ધ હોય, અથવા તમારા માતા-પિતા કે સંબંધીઓ વિરુદ્ધ.

જો કોઈ ધનવાન હોય, તો તેના ધનથી ડરીને અન્યાય ન કરો, અને જો કોઈ ગરીબ હોય, તો તેના પર દયા ખાઈને સત્યથી મોઢું ન ફેરવો. અલ્લાહ બંનેથી વધુ નજીક છે અને તે જ સારો નિર્ણય કરશે.

''આથી પોતાની મનેચ્છાઓનું અનુસરણ કરીને ન્યાયથી હટો નહીં અને જો તમે અધૂરી અને પક્ષપાતપૂર્ણ વાત કહી અથવા સાચી વાત કહેવાનું ટાળ્યું તો જાણી લો કે જે કંઈ તમે કરો છો અલ્લાહને તેની ખબર છે.'' (સૂરઃ નિસા, આયતઃ૧૩૫)

આ હિદાયત પૂરા ઈમાનવાળાઓને આપવામાં આવી છે ફક્ત કોઈ એક વ્યક્તિ કે સમૂહને નહીં. બધા મળીને, એકબીજાની મદદથી, આ પવિત્ર ધ્યેયને પૂરૂં કરે.

**ઉમ્મતની ભૂલ અને દુનિયાની સ્થિતિ**

પણ અફસોસ, ઇતિહાસની સૌથી મોટી કરૂણાંતિકા આ જ છે કે આ ઉમ્મત પોતાની જવાબદારી ભૂલી ગઈ છે. આજે દુનિયામાં કોઈ પણ કોમ એવી નથી જે ફક્ત અલ્લાહની પ્રસન્નતા માટે, પોતાના અંગત, જાતીય કે રાજકીય હિતોથી ઉપર ઊઠીને, ન્યાય સ્થાપિત કરવાની જવાબદારી નિભાવે.

તો પછી સવાલ ઊભો થાય છે: જુલ્મનો અંત કેવી રીતે આવે? અને ઈન્સાફ કેવી રીતે સ્થપાય?

ભલે કોઈ આ સવાલને માને કે ન માને, પણ આ સવાલ અસ્તિત્વમાં છે અને તેનો જવાબ માંગે છે. અલ્લાહ દ્વારા ''બનાવેલી આ વિશાળ સૃષ્ટિ આશ્ચર્યચકિત છે. આ ભૂરું આકાશ, જેના ઘેરાવામાં આખી સૃષ્ટિ જીવી રહી છે, તે હેરાન છે.

ચળકતા સૂર્ય-ચંદ્ર અને તારા, બધું જોઈ રહ્યા છે.

આ ધરતી, પોતાના તમામ સંસાધનો સાથે પૂછી રહી છેઃ

''જે ઉમ્મતને ઈન્સાફ અને જુલ્મ મટાડવાનું કામ સોંપવામાં આવ્યું હતું, તે આજે કેમ મૌન છે?''

જેને કહેવામાં આવ્યું હતું કે ઈન્સાફ માટે કમર કસી લો, તે આજે ખુદ પોતાના માટે ઈન્સાફની ભીખ માગી રહી છે, પોતાની દુઃખભરી કહાણી સંભળાવીને ન્યાયની ગુહાર કરી રહી છે. તેને પોતાની જ તકલીફોની ફિકર છે, તે માનવતા પર થઈ રહેલા અન્યાય તરફ ધ્યાન જ નથી આપી રહી.

હવે આ ઉમ્મત, જે કરોડોની સંખ્યામાં છે, જો ઈન્સાફ માટે ખરેખર ઊભી થાય, દરેક ડર અને લાલચથી ઉપર ઊઠીને ન્યાયની સાક્ષી આપે, અને જો તેનામાં પરસ્પર સહયોગની ભાવના જાગે, તો ચોક્કસ દુનિયાનો નકશો બદલાઈ શકે છે.

જ્યાં ઉમ્મતને સત્તા પ્રાપ્ત છે, ત્યાં તેને કોઈ પણ ભેદભાવ વિના દરેક પીડિતને ન્યાય આપવો જોઈએ, જેથી તે આખી દુનિયા માટે એક આદર્શ બની શકે. અને જ્યાં સત્તા નથી, ત્યાં તેને ન્યાયની સ્થાપના માટે સંઘર્ષ કરવો જોઈએ. ફક્ત પોતાના માટે ઈન્સાફની માંગ કરવી પૂરતું નથી, તેને જોઈએ કે દરેક એ માનવી માટે ઊભી રહે, જેના પર જુલ્મ થઈ રહ્યો હોય, અને જે ન્યાયથી વંચિત હોય.

જો આવું થયું, તો આશા છે કે ઉમ્મત પર થઈ રહેલા જુલ્મ વિરુદ્ધ હજારો અવાજો ઊઠશે, અને પછી કોઈ પણ નબળી વ્યક્તિ કે સમુદાયને સતાવવું સરળ રહેશે નહીં.

દુનિયાને બસ આ જ પગલાની પ્રતીક્ષા છે.

***''કાંપતા હૈ દિલ તેરા તૂફાનોં કી આશંકા સે ક્યા?***
***નાખુદા ભી તૂ, સમંદર ભી તૂ, કશ્તી ભી તૂ, સાહિલ ભી તૂ!''***

•••


ઉમર ફારૂક M: 99797 68850
ઉમર ફારૂક 98243 00540
ઈસ્માઈલ 9106132352

# ગુલામભાઈ વાસણવાળા

**વાસણો ભાડેથી આપનાર**

(ગોડાઉન): બાવામાનપુરા, વીમા દવાખાના પાછળ, કોર્ટયાક પોલીસ ચોકીની સામે, વડોદરા -૧૭.

(ઘર): વાડી, નવાપુરા નાકે, શાસ્ત્રીબાગ રોડ, વડોદરા - ૧૭

# આ બદગુમાની પણ વિચિત્ર વસ્તુ છે !!

એક વાર મેં મારા ગાઢ મિત્રને ફોન કર્યો, “આજે સાંજે હું મારી પત્ની સાથે તારા ઘરે આવીશ.”

મિત્રે આ સાંભળતાં જ કહ્યું, “મરહબા, ખુશ આમદીદ ! ખૂબ આનંદ થયો. તું આવે તો મારૂં એક કામ કરતો આવજે, એક વસ્તુ લાવવાની છે.”

મેં કહ્યું, “ચોક્કસ, બોલ શું લાવવાનું છે ?”


તેણે કહ્યું, “યાર, તારા નજીકમાં જ એક મશહૂર બેકરી છે, ત્યાંથી બે મોટા ફ્રેશ કેક લેતો આવજે, અને હા – તેના સાથે બે બ્રાન્ડેડ ચોકલેટ અને બિસ્કીટનું મોટું પેકેટ અને હા, ત્રણ મેંગો જ્યુસ પણ લેતો આવજે.”

મેં પૂછ્યું, “કેમ ભાઈ, શું આમારા આતિથ્યનો સામાન છે કે શું ?”

મિત્રે કહ્યું, “ના ભાઈ ના, તમારા આતિથ્ય માટે તો બધું તૈયાર છે ઘરમાં. આ બધી વસ્તુઓ મારા દીકરાની પસંદની વસ્તુઓ છે, એટલા માટે કે આજે હું મારા દીકરાની સફળતાની પાર્ટી કરવા માંગું છું. મજબૂરી એ છે કે આજે હું બહાર નીકળી શકતો નથી, અને આજે હું તેને સરપ્રાઈઝ આપવા માંગું છું... પ્લીઝ.”

સાંજે મિત્રે બતાવેલ બધી વસ્તુઓ ખરીદી, બેકરીનું બિલ પણ મોટું બની ગયું. મેં પૈસા ચૂકવ્યા, સામાન લીધો અને પત્નીને સ્કૂટર પર લઈને મિત્રના ઘર તરફ નીકળી ગયો.

જ્યારે હું ત્યાં પહોંચ્યો, તો મિત્રે થોડી વારમાં જ પોતાના દીકરાને સરપ્રાઈઝ આપતાં પાર્ટીની વ્યવસ્થા કરી લીધી, અને એ રીતે સાંજ ખૂબ મોજમજામાં વીતી.




**આપણે જે કંઈ સાંભળીએ છીએ તે અભિપ્રાય છે, હકીકત નથી**
**અને આપણે જે કંઈ જોઈએ છીએ તે દૃષ્ટિકોણ છે, સત્ય નથી.**

થોડી રાત વીતી તો મેં મારા મિત્રથી પરવાનગી માંગી, તો મિત્રે કહ્યું, ''ખૂબ સારૂં લાગ્યું તું આવ્યો. દોસ્ત, મારા પાસે કેકનો એક મોટો પીસ બચ્યો છે, મહેરબાની કરીને મને શરમમાં ન નાખજે, એ પીસ તું તારા બાળકો માટે લઈ જા.''

તેણે આટલું કહીને માત્ર એ બોક્ષ મારા હાથમાં પકડાવી દીધું, જે હું લઈને આવ્યો હતો. તેણે એ પૈસાનો તો ઉલ્લેખ જ ન કર્યો જે મેં ખર્ચ્યા હતા. તેણે કેકના ટુકડાની સાથે મલકાઈને મને વિદાય કર્યો. હું ત્યાંથી નીકળ્યો અને આખા રસ્તે તેના વિશે આડું-અવળું વિચારતો રહ્યો. મારી પત્નીને મેં કહ્યું, ''કેવો વિચિત્ર માણસ છે, તેણે પૂછ્યું પણ નહીં કે કેટલા પૈસા થયા ? કોઈ આવો નઘરો અને બેશરમ કેવી રીતે બની શકે છે ? હવે તો મને શરમ આવે છે તેને મિત્ર કહેતાં ! ભલે હું પૈસા લઉં કે ન લઉં, પણ મને કહેવું તો પડે ને ! મારે તેની સાથે સંબંધ બાંધતાં હવે દસ વખત વિચારવું પડશે. ખરેખર મને બહુ ખરાબ લાગ્યું છે, તેણે પૂછ્યું પણ નહીં.''

મારી પત્નીએ મને સાંત્વના આપતાં કહ્યું, ''જવા દો ને હવે, તમારો મિત્ર બિચારો ભૂલી ગયો હશે પૈસા આપવાનું. જો-જો કાલે તેમને જરૂર યાદ આવી જશે, અને તમને ફોન કરીને માફી માંગશે અને પૈસા પણ મોકલાવી દેશે.''

પણ હું કહેતો રહ્યો, ''અરે, તેં જોયું, તેણે પૂછવા ખાતર પણ ન પૂછ્યું, ખરેખર તો આવું ખરાબ વર્તન એક પ્રકારનું શોષણ છે અને અદબ-એહતેરામના વિરુદ્ધ છે.'' હું સતત ગુસ્સામાં બડબડતો રહ્યો. ઘર પહોંચીને બેગમને કહ્યું, ''હવે સાહેબે જે કેકનો ટુકડો આપ્યો છે, તે બાળકોને ખવડાવી દો, મનને થોડીક શાંતિ મળી જશે.''

પત્નીએ જ્યારે બોક્ષ ખોલ્યું, તો તેમાંથી કેકનો મોટો ટુકડો નીકળ્યો અને જે ખર્ચ થયો હતો તેનાથી વધારે પૈસા અને 'હૃદયથી આભાર'નો કાગળ નીકળ્યો, જેમાં લખ્યું હતું કે, ''મારા દોસ્ત, આ મોટી રકમ છે, તેમ છતાં હું જાણું છું કે તું મારા પાસેથી કોઈ કાળે આ પૈસા ન લેતો. તેથી મેં તને ખબર ન પડે એ રીતે પૈસા બોક્ષમાં મૂકી દીધા. ખૂબ મજા આવી તારી સાથે, પ્રસંગમાં જ સંયોગથી તારો પરિવાર અમારી ખુશીમાં સામેલ થઈ ગયો, ખરેખર આ અલ્લાહની જ મરજી હતી. ફરી એક વાર દિલથી આભાર.''

આ જોઈને મને આશ્ચર્ય તો થયું પણ, થોડીક વારમાં જ મને મારી જાત પર ગુસ્સો આવ્યો, ધિક્કાર ઉપજી આવ્યો મારા પર, હું ખૂબ લજ્જિત થયો – મેં શું-શું વિચારી નાખ્યું અને બકી નાખ્યું, હે અલ્લાહ ! મને માફ કરજે. મને કંઈ સમજમાં ન'હોતું આવી રહ્યું કે હવે હું શું કરૂં? મેં મારી પત્નીને પૂછ્યું, ''આટલા સમયમાં મેં મારા દોસ્ત માટે જે અભિપ્રાય બનાવી લીધો અને તેને ન કહેવાનું કહી નાખ્યું, અને તે પણ તેની ગેરહાજરીમાં, જ્યારે કે મને તેની કોઈ જાણ પણ ન હતી, શું હું આના માટે જઈને મારા મિત્રની માફી માંગી આવું, મનને થોડીક શાંતિ મળી જશે ?''

તેણે કહ્યું, ''તમારા વિશે તેનો જે સદ્ભાવ અને નેકનિયતી છે તેના પર તેને એમ જ રહેવા દો, અને હા – તમે પણ બીજાઓ વિશે સારૂં વિચારવાનું રાખો. શું તમે સૂરઃ કહફમાં હઝરત ખિઝર અને હઝરત મૂસા અ.સ.નો કિસ્સો નથી પઢયો? પઢ્યા પછી પણ જો સમજમાં ન આવ્યું હોય તો ફરી પઢી લો; અને શું તમે સૂરઃ યૂનુસમાં નથી વાંચ્યું – હકીકત એ છે કે ઘણાખરા લોકો માત્ર અનુમાન અને અટકળ પાછળ ચાલી રહ્યા છે, જો કે અટકળ સત્યની આવશ્યક્તાને સહેજ પણ પૂરી કરતી નથી. જે કંઈ આ લોકો કરી રહ્યા છે અલ્લાહ તેને સારી રીતે જાણે છે. (આયત-૩૬) અને સૂરઃ બની ઈસરાઈલમાં તો અલ્લાહ તઆલાએ ખૂબ કડક વાત કરી છેઃ ''કોઈ એવી વસ્તુ પાછળ ન પડો, જેનું તમને જ્ઞાન ન હોય. નિઃશંક, આંખ, કાન અને દિલ બધાની પૂછપરછ થવાની છે. (આયત-૩૬)''

મને ભાન થઈ ગયું કે સંબંધોમાં મોટાભાગના પ્રશ્નો અને સમસ્યાઓ વાણી-વર્તનમાં ઘૂસી જતી ગેરસમજો, દુર્ભાવનાઓ, પૂર્વગ્રહો અને વલણોની ખોટી સમજૂતીના કારણે પેદા થાય છે. કાશ, લોકો એક-બીજા માટે એવું જ કોઈ સારૂં બહાનું કે કારણ બનાવી શકતા, જે રીતે મારા મિત્રે કેકના ટુકડાના બહાને બોક્ષમાં પૈસા મૂકી દીધા !!

---

**''હે ઈમાનવાળાઓ! બહુ અનુમાનો કરવાથી બચો, કેમ કે કેટલાક અનુમાનો ગુનાહ હોય છે. ખણખોદ ન કરો અને તમારામાંથી કોઈ કોઈની પીઠ પાછળ નિંદા ન કરે.... અલ્લાહથી ડરો. અલ્લાહ મોટો તૌબા કબૂલ કરનાર અને દયાળુ છે.''**

(સૂરઃ હુજુરાત, આયત-૧૨)

**નબીએ કરીમ સલ્લલ્લાહુ અલૈહિ વ-સલ્લમે ફરમાવ્યું, ''તમે બદગુમાનીથી બચો, એટલા માટે કે બદગુમાની સૌથી મોટું જૂઠ છે.''** (સહીહ બુખારી-૫૧૪૩, સહીહ મુસ્લિમ-૨૫૬૩) •••

# તું અને તારું બધું જ તારા પિતાનું છે

એક સાહેબે રસૂલુલ્લાહ સમક્ષ પોતાના પિતાની ફરિયાદ કરી કે, "યા રસૂલુલ્લાહ , મારા પિતા મને પૂછતા નથી અને મારી બધી જ સંપત્તિ ખર્ચી નાખે છે."

આપ એફરમાવ્યું કે, "તેમના પિતાને બોલાવો."

જ્યારે તેમના પિતાને ખબર પડી કે મારા દીકરાએ રસૂલુલ્લાહ સમક્ષ મારી ફરિયાદ કરી છે, ત્યારે તેઓ દિલથી રંજીદા થયા અને રસૂલુલ્લાહ ની સેવામાં હાજરી આપવા માટે ચાલ્યા... અરબી લોકોની સંસ્કૃતિમાં કવિતા હતી, તેથી રસ્તામાં કેટલાક શેર તેમના મનમાં પવનના ઝોંકાની જેમ આવ્યા અને જતા રહ્યા. અહીં રસૂલુલ્લાહ ની દરબારમાં પહોંચતા પહેલાં હઝરત જિબ્રાઈલ (અલૈ.) આપ ની સેવામાં હાજર થયા અને ફરમાવ્યુંઃ

"અલ્લાહ સુબ્હાનહુ વ તઆલાએ ફરમાવ્યું છે કે તેમનો પ્રશ્ન પછી સાંભળવામાં આવશે, પહેલાં તે શેર સાંભળવો જે તેઓ વિચારતા-વિચારતા આવી રહ્યા છે." જ્યારે તેઓ હાજર થયા ત્યારે આપ એ ફરમાવ્યુંઃ

"તમારી સમસ્યા પછીથી સાંભળવામાં આવશે, પહેલાં તે શેર સંભળાવો જે તમે વિચારતા-વિચારતા આવ્યા છો."

તેઓ મુખલિસ સહાબી હતા. આ સાંભળીને તેઓ રડવા લાગ્યા કે, જે શેર હજુ મારી જીભેથી અદા નથી થયા, મારા કાનોએ નથી સાંભળ્યા – આપના રબે તે પણ સાંભળી લીધા અને આપ ને જણાવી પણ દીધા ! આપ એ ફરમાવ્યું કે, "એ શેર અમને સંભળાવો." તે સહાબી રદિ.એ શેર પઢવાનું શરૂ કર્યું :

(અહીં એનો ભાષાંતર પ્રસ્તુત છે.)

હે મારા દીકરા! જે દિવસે તું જન્મ્યો, અમારા કમનસીબીના દિવસો ત્યારથી જ શરૂ થઈ ગયા હતા. તું રોતો હતો, અમે સૂઈ શકતા ન હતા.

તું ન ખાતો તો અમે ખાઈ શકતા ન હતા.

તું બીમાર પડી જતો તો તને લઈને ક્યારેક કોઈ તબીબ પાસે, ક્યારેક કોઈ દુઆ દમ કરવાવાળા પાસે ભાગતા કે ક્યાંક મરી ન જાય.

જોકે મૃત્યુ અલગ વસ્તુ છે અને બીમારી અલગ વસ્તુ છે. પછી તને ગરમીથી બચાવવા માટે હું દિવસ-રાત કામ કરતો રહ્યો.

કે મારા દીકરાને ઠંડો છાંયડો મળી જાય.

ઠંડીથી બચાવવા માટે મેં પથ્થરો તોડ્યા.

ટોપલા ઉઠાવ્યા કે મારા બાળકને ગરમી મળી જાય. જે કમાયું તારા માટે, જે બચાવ્યું તારા માટે.

તારી જુવાનીના સપના જોવા માટે મેં દિવસ-રાત એટલી મહેનત કરી કે મારા હાડકાં પણ સુકાઈ ગયા.

પછી

મારા પર પાનખર છવાઈ ગઈ.

તારા પર વસંત આવી ગઈ.

હું નમી ગયો.

તું સીધો થઈ ગયો.

હવે મને આશા થઈ.

કે હવે તું લીલોછમ થઈ ગયો છે.

ચાલ હવે જીવનના છેલ્લા શ્વાસ તારા છાંયડામાં બેસીને ગુજારીશુ.

પણ આ શું કે જુવાની આવતા જ

તારા તેવર બદલાઈ ગયા.

તારી આંખો કપાળ પર ચઢી ગઈ.

તું એવી રીતે વાત કરતો કે મારું હૃદય ચીરી નાખતો.

તું એવી રીતે વાત કરતો કે કોઈ નોકર સાથે પણ આવી રીતે બોલતું નથી.

પછી

તેં મારી ૩૦ વર્ષની મહેનતને જૂઠી પાડી કે

હું તારો પિતા નથી, નોકર છું.

નોકરને પણ કોઈ એક સમયની રોટી આપી જ દે છે.

તું નોકર સમજીને જ મને રોટી આપી દેજે.

------

આ શેર સંભળાવતાં-સંભળાવતાં તેમની નજર અલ્લાહના રસૂલ પર પડી.

આપ એટલા રડયા કે આપ ની મુબારક દાઢી ભીની થઈ ગઈ.

આપ સલ્લલલ્લાહુ અલયહિ વ સલમ ગુસ્સામાં પોતાની જગ્યાએથી ઊભા થયા અને દીકરાને ફરમાવ્યું કે, "આગળથી મારી નજરો સામે ન આવતો અને સાંભળી લે :

"તું અને તારું બધું જ તારા પિતાનું છે. તું અને તારું બધું જ તારા પિતાનું છે. તું અને તારું બધું જ તારા પિતાનું છે." અલ્લાહુ અકબર!

અલ્લાહ પાક આપણને મા-બાપની કદર કરવાની તૌફીક અતા ફરમાવે.. હે અલ્લાહ.. અમારા મા-બાપને શ્રેષ્ઠ બદલો અતા ફરમાવ... આમીન. •••

જો તમે જીવનના મુખ્ય ઉદ્દેશ્ય એટલે કે ઈબાદતને ન પામી શકો તો મારે કહેવું જોઈએ કે તમારું આખું જીવન નિષ્ફળ ગયું છે. તેથી, હું ઈચ્છું છું કે તમે ઈબાદતનો અર્થ પૂર્ણ વિચારણા સાથે સમજો અને તેને તમારા હૃદયમાં સ્થાન આપો, કારણ કે તમારા જીવનની સફળતા અને નિષ્ફળતા તેના પર નિર્ભર છે.

- **મૌલાના મૌદુદી** (રહ.)




*www.yuvasaathi.com*

# Did you visit
# Our Website?

Our Website is Live Now!

www.siogujarat.org




SIO
GUJARAT

/siogujarat

IF UNDELIVERED PLEASE RETURN TO :
**Yuvasaathi (Gujarati Monthly)**
B-4, Karishma Complex, Sarani Society Corner,
132 ft. Ring Road, Juhapura, Ahmedabad -380055